Anoopam Mission

॥ સ્વામિશ્રીજી ॥


# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે
જૂન ૨૦૨૪ * વર્ષ ૩૯ * અંક ૩



સંતશિરોમણિ
**ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ**
અને
યોગીરૂપ જ્યોતિર્ધર
**બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય કાકાજી મહારાજ**
પ્રાગટ્ય મહામંગલ અવસરે
તથા
પ્રાસાદિક અક્ષરદેરી, માણાવદરના
૬૦મા પાટોત્સવ પર્વે
ભક્તિભીની વંદના !

સ્વામિશ્રીજી



# પરમ પૂજ્ય કાકાશ્રી–બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પ્રેરિત આધ્યાત્મિક ઉત્ક્રાંતિના જ્યોતિર્ધર

**વીસમી** સદીના વર્ષ ૧૯૫૨નો ફેબ્રુઆરી માસ મનુષ્યની અધ્યાત્મયાત્રા અને વિશેષતઃ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે એક અદ્વિતીય ઉત્ક્રાંતિનો માસ છે. શ્રીઅક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ઇતિહાસમાં પણ આ માસની ત્રીજી તારીખનું સ્વર્ણિમ સ્થાન છે.

ભારતીય દર્શન અને સાધનાનાં મૂળ લક્ષ્ય સદ્–ચિદ્–આનંદની પ્રાપ્તિ–એટલે કે બ્રહ્મની પ્રાપ્તિ, કે અખંડ સાક્ષાત્કાર રહ્યાં છે. મનુષ્યની આધ્યાત્મિક યાત્રાનાં અંતિમ ધ્યેય પણ એક યા બીજા શબ્દોમાં આ જ પ્રાપ્તિની શોધમાં સાર્થકતા સમજાવે છે.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના કેન્દ્રવર્તી સિદ્ધાંત પણ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવામાં સદ્–ચિદ્–આનંદની અનુભૂતિનાં પ્રતિપાદન કરે છે. આ દિવ્ય અને પરમ અલૌકિક સ્થિતિની પ્રાપ્તિ માટે બ્રહ્મ અને પરબ્રહ્મ તત્ત્વના સાંગોપાંગ ધારક પ્રગટ સાકાર મનુષ્ય દેહધારી બ્રહ્મસ્વરૂપ સંતની પ્રાપ્તિ, ઓળખાણ, સ્વીકાર અને તેઓ પ્રતિ જીવન અને મનનાં સમર્પણ અનિવાર્ય છે.

શ્રીજી મહારાજે 'વચનામૃત ગઢડા પ્રથમના પહેલા'માં ઉદ્‌બોધ્યા મુજબ 'ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી' તેનાથી અધિક કઠણ કોઈ સાધના નથી અને તેનાથી અધિક મોટી કોઈ પ્રાપ્તિ પણ નથી. આ સાધન અને પ્રાપ્તિ પછીથી દ્વિતીય ક્રમાંકે કોઈ અલભ્ય પ્રાપ્તિ હોય તો આ પૃથ્વી પર પ્રગટ એવા મનુષ્ય દેહધારી ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ, ઓળખાણ અને સ્વીકાર છે !

ત્રીજી ફેબ્રુઆરી ૧૯૫૨માં અક્ષરતીર્થ ગોંડલ સ્થિત મંદિરમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની કૃપા અને સંકલ્પે દાદુકાકાશ્રીને જે સમાધિ લાધી અને તે દ્વારા પ્રભુના સાક્ષાત્કાર પામી તે દર્શન પ્રાપ્ત થયું તેનાં જ સુફલ રૂપે તેઓશ્રીએ છડે ચોક બૃહદ સત્સંગસમાજને યોગીજી મહારાજ રૂપે વિચરતા ભગવાનના પ્રગટ અને સાકાર સ્વરૂપની ઓળખાણ કરાવી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને વિશ્વના અધ્યાત્મપંથી સર્વ મુમુક્ષુઓ માટે આ સાક્ષાત્કાર અને યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપનાં દર્શન એ એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિ હતી; અધ્યાત્મસાધનાનાં પરિમાણ બદલનારી એક મહાપ્રગતિ હતી !

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની કૃપાશિષથી દાદુકાકાશ્રીને જે સાક્ષાત્કાર થયો તેણે કાકાશ્રીના જીવનની પ્રત્યેક પળ યોગીમય યોગીરૂપ બનાવી; તેઓ સ્વયં પ્રભુના દિવ્ય તત્ત્વના ધારક સત્પુરુષ રૂપે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના જ્યોતિર્ધર બની રહ્યા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં દાદુકાકાશ્રીના સાક્ષાત્કારની દિવ્ય ઘટના આધ્યાત્મિક મહાપ્રગતિની અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મર્માર્થની દ્યોતક હતી. એક ભલા સાધુરૂપે વંદનીય યોગીજી મહારાજ રૂપે પ્રભુનું સાકાર પ્રગટ સ્વરૂપ આ પૃથ્વી પર વિચરે છે, તે વિચાર અને દર્શનમાત્રે સંતો, સાધકો અને મુમુક્ષુઓની દૃષ્ટિ અને જીવનમાં દિવ્યતા પ્રગટી. વળી, યોગીજી મહારાજ રૂપે પ્રગટ ભગવાનના સ્વરૂપમાં નિર્દોષબુદ્ધિએ જીવન અને મન સમર્પણ કરનારાં સૌ પ્રભુસ્વરૂપ થયાં, જંગમ મંદિર બની રહ્યાં એ ઇતિહાસને આપણી પેઢીએ રચાતો જોયો, માણ્યો છે તે આપણાં મહા મંગલકારી સદ્‌ભાગ્ય છે !

આજે સાહેબજીરૂપે પ્રગટ સંત સ્વયં ભગવંત સ્વરૂપ છે અને એવા જ સર્વ ગુણાતીત સંતો પ્રભુસ્વરૂપો છે તેવાં માહાત્મ્યમાં આબાલવૃદ્ધ સત્સંગ–સાધુસમાજ સહજ જીવે છે તેના પાયામાં બ્રહ્મસ્વરૂપ દાદુકાકાશ્રીએ યોગીજી મહારાજના સંકલ્પ અને કૃપાશિષ દ્વારા આણેલી આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું દ્યોતક દર્શન છે; એ દર્શનના જયઘોષ કરતી કાકાશ્રીની સમ્યક્ નિર્દોષબુદ્ધિએ યુક્ત અપ્રતિમ તપસ્યા છે. એ અદ્વિતીય તપસ્યાનાં તપોબળથી ખીલેલાં સંતો, વ્રતધારી સંત બહેનો, વ્રતધારી સંત યુવાઓ અને એકાંતિક ગૃહસ્થોના ગુણાતીત સમાજનાં આપણે સૌ સંતાનો–વારસદારો બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ અને કાકાજી મહારાજના અનંતકાળ પર્યંત ઋણી રહીશું.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ઇતિહાસનાં યથાર્થ અને સંપૂર્ણ આલેખન થશે ત્યારે બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીની દિવ્ય જીવનદૃષ્ટિ અને અધ્યાત્મકાર્યને આલેખતા ઇતિહાસ સ્વયં પણ ગદ્‌ગદભાવે નતમસ્તક થશે !

આ ક્ષણે આવો, પરમ પૂજ્ય કાકાશ્રીના પ્રાગટ્યમંગલે આપણે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ અને કાકાશ્રીના ચરણે નતમસ્તકે ધન્યભાવે સાષ્ટાંગ પ્રણામ ધરીએ ! આપણને પ્રાપ્ત આપણા પ્રગટ ગુરુહરિના સ્વરૂપમાં પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન કરી તેઓનાં વચને, તેઓને રાજી કરવા તેઓની અને ભક્તોની સેવામાં સમર્પિત થઈએ. ◆

~સા.શ્રી... ~ સાધુ મનોજદાસ




સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**શિબિર : જીવનમાં સત્સંગના ચાર પાયા : માહાત્મ્ય–નિશ્ચય–આશરો–સેવા.**
**એકતાનગર, રાજપીપળા, નર્મદા : ૩ ડિસેમ્બર ૨૦૨૩**

**'તન,** મન, ધન પ્રભુના ચરણોમાં...' સમજીને ગાયું કે એમ ને એમ જ ગવાયું ? ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું ત્યારે ઈલેક્શન થયું નહોતું, કારણ કે ભારત પ્રજાસત્તાક દેશ નહોતો. આપણું ભારતનું બંધારણ થયું નહોતું. ૧૯૫૦માં ભારતનું બંધારણ આવ્યું એટલે ૧૯૫૨માં પ્રથમ ઈલેક્શન થયું. ૧૯૪૭થી ૧૯૫૨ સુધી કામચલાઉ સરકાર નિમાયેલી. મુંબઈ–મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્ય ભેગું હતું. મુંબઈ રાજ્યમાં ગુલઝારીલાલ નંદા મજૂર પ્રધાન હતા. નંદાજી શાસ્ત્રીજી મહારાજના અનન્ય ભક્તરાજ હતા અને શાસ્ત્રીજી મહારાજ માટે તેઓને અનહદ પ્રેમ ! એમના બંગલે શાસ્ત્રીજી મહારાજનો ઉતારો રહેતો. નંદાજી મિનિસ્ટર હતા એટલે એમના ઘરે બીજા ઘણા બધા મિનિસ્ટરો શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવતા. એ સૌને એમ થાય કે, નંદાજીના ગુરુ છે તો એમનાં દર્શન કરવા જઈએ. એમાં એક વખત મોરારજીભાઈ દેસાઈ પણ દર્શન કરવા આવ્યા.

ત્યારે શાસ્ત્રીજી મહારાજે બીમારી ગ્રહણ કરેલી એટલે તેઓ આરામ કરતા હતા, સૂતાં સૂતાં માળા ફેરવતા હતા. મોરારજીભાઈ દેસાઈએ પ્રશ્ન પૂછ્યો કે, 'સ્વામિનારાયણ સંપ્રદાયનો એક જાણીતો શબ્દ છે – સત્સંગ, તે 'સત્સંગ' એટલે શું ?' તો શાસ્ત્રીજી મહારાજ કહે, 'યોગીજી મહારાજ ઉત્તર કરશે.' યોગીજી મહારાજ તો અદ્‌ભુત અને અલૌકિક પુરુષ હતા ! તેઓ ગુણાતીતાનંદ સ્વામીની વાત બોલ્યા : 'સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી, સત્સંગ એટલે મોટા પુરુષને બે હાથ જોડવા અને તેઓ કહે એમ કરવું એ સત્સંગ.' યોગીજી મહારાજે એક વાક્યમાં કહ્યું કે, 'સત્સંગ એટલે મોટા પુરુષને બે હાથ જોડવા' અને બીજું વાક્ય કહ્યું, 'તેઓ કહે એમ કરવું એ સત્સંગ.'

અત્યારે તમે બોલ્યા, 'તન, મન, ધન પ્રભુના ચરણોમાં...' તો પહેલાં આપણું માઈન્ડ ક્લિયર હોવું જોઈએ. આપણે કોઈ પર્વતમાળા ચઢવી હોય તો ખબર હોય કે, પર્વત ઉપર ઑક્સિજન ઓછો થશે તો આવું આવું થશે. એમ, પ્રભુના થયા એટલે તન, મન, ધન પ્રભુને અર્પણ ! તન એટલે દેહ. આ દેહ કોણે આપ્યો છે ? પચાસ લાખ–એક કરોડ–પાંચ કરોડ–પચાસ કરોડમાં વેચાતું લઈ આવ્યાં છો ? તમારી ગાડી, તમારાં કપડાં, તમારાં ઘરેણાં વેચાતાં લાવ્યાં હશો, પણ કોઈ એમ કહી શકશે કે, આ શરીર હું વેચાતું લાવ્યો છું ? માનવદેહ એ ભગવાને આપેલી અમૂલ્ય અને અદ્‌ભુત ભેટ છે ! જેનું કોઈ મૂલ્ય ના કરી શકાય. તમારા મકાનની કિંમત થાય, સોનાની કિંમત થાય, ગાડીની કિંમત થાય, કપડાંની કિંમત થાય; પણ માનવદેહની કંઈ કિંમત થાય ? તે અમૂલ્ય છે !

કોઈ મર્સિડિઝ ગાડી લઈ આવે તો કેટલી કૅર કરે છે ? ઘણા તો સવારે ઊઠીને ગાડીની સાફસફાઈમાં લાગી જાય. સ્કૂલમાં ભણનારા છોકરાને નવી સાઈકલ લાવી આપો પછી જોજો, સવાર સવારમાં સાફ કરવા લાગશે. આપણે ગાડી લાવીએ તો એમાં જણાવ્યું હોય એવું જ ડિઝલ કે પૅટ્રોલનું ફ્યૂઅલ નાખીએ છીએ, એની કૅર કરીએ છીએ. ચલાવવામાં કાળજી રાખીએ છીએ કે ઘસરકો ના પડે, કોઈને અથડાઈ ના જાય. એવી જગ્યાએ પાર્ક કરીએ કે જ્યાં કોઈ ટક્કર ના મારી જાય. કેટલી કૅર કરીએ છીએ ! અને આ શરીર અમૂલ્ય છે, પણ જે આવે એ અંદર નાખીએ છીએ. પાણીપૂરી, સેવપૂરી, પાઉંભાજી, રગડાપેટીસ, પાન, તમાકુ, ગમે ત્યાં પાણી પીએ છીએ, ગમે ત્યાં ખાઈએ છીએ; કારણ કે, આ મફતમાં આવેલી વસ્તુ છે. માનવજીવનની મોટામાં મોટી જો કમનસીબી હોય તો મોંઘામાં મોંઘી વસ્તુ મફતમાં આપો તો એની કિંમત નહીં, કારણ કે મફતમાં મળી છે. માનવ દેહ મફતમાં મળ્યો છે માટે એની કિંમત નથી. એટલે સ્વામી વિવેકાનંદ બોલ્યા, 'હે યુવાનો જાગો ! ઊઠો !' એટલે શું સામે બધાં માણસો ઊંઘતાં હશે ? ઝોકાં ખાતા હશે ? એટલે એમને ઉઠાડ્યા ? ના, જે ધ્યેય નક્કી કર્યું છે, તે ધ્યેય તરફ – બીજે બધે ડાફોળિયાં માર્યા વગર દોડે; એ જાગ્યો કહેવાય.

ડૉક્ટર થવું હોય તો એનું સ્થાન કૉલેજમાં, લાઈબ્રેરીમાં કે પોતાના ઘરે રૂમમાં વાંચવામાં હોય. પણ કોઈ છોકરો પાનના ગલ્લે ઊભો હોય અને કહે, આપણે તો ડૉક્ટર થવાના છીએ. ત્યારે આપણને થાય કે, ડૉક્ટર થવું છે એવું જે ધ્યેય નક્કી કર્યું છે એ ધ્યેય પર પહોંચવા માટે ગંભીરતા નથી, એ ધ્યેય પ્રાપ્ત કરવા માટે એ કશું કરતો નથી એટલે ધ્યેય સુધી એ પહોંચી નહિ શકે. એટલે સ્વામી વિવેકાનંદે કહ્યું, 'જાગો !' એમ, મારે મારા ગુરુ અને ઈષ્ટદેવને રાજી કરવા છે એ ધ્યેયને જો સિદ્ધ કરવું હોય તો તન, મન, ધન પ્રભુના ચરણોમાં અર્પણ... આ દેહ એમના અર્થે કુરબાન છે, આ દેહ એમના માટે જ, એમની સેવામાં વાપરવું છે, તેઓ રાજી થાય એમાં જ વાપરવું છે. તેઓ રાજી થાય ત્યાં જ લઈ જવું છે, તેઓ રાજી ના થાય ત્યાં જવું પણ નથી. આ એમને દેહ અર્પણ કર્યો કહેવાય.


આ દેહના માલિક પ્રભુ છે. એમના માટે દેહ વાપરવો છે. ભગવાને આપેલો દેહ, ભગવાન રાજી થાય એમ વાપરવો છે, ભગવાન રાજી થાય એવું કામ એના દ્વારા કરવું છે – એ ભગવાનને ચરણે દેહ ધર્યો કહેવાય. યાદ રાખજો આ વાક્ય : મારો દેહ પ્રભુને અર્થે છે. એ ખોટો વપરાય જ નહીં. ખોટી જગ્યાએ એને લઈ જ ના જવાય. એનાથી ખોટાં કાર્યો થાય જ નહીં, થાય તો પસ્તાવો થાય. યાદ રાખો, નહીં થાય એવું નહીં બને. તમને નિષ્કપટભાવે કહીએ તો અમેય સાધના કરતા કરતા લપસ્યા છીએ, પણ ત્યાં ને ત્યાં પડ્યા ના રહ્યા. ગુરુ ઉપર પરમ શ્રદ્ધા કે, નવડાવી, ધોવડાવી ચોખ્ખા કરનારા તેઓ છે, તો એમના અર્થે જીવન જીવવું છે.

કોઈ ફ્લૉરિંગ એટલું બધું લીસ્સું હોય છે કે પાણી પડ્યું હોય તો દેખાય નહીં અને તમે લપસી પડો. પણ તમે કંઈ ત્યાં પડ્યા રહો ? ફટ દઈને ઊભાં થઈ કપડાં બદલી નાખો. એમ, તમે સાધના કરતા હોવ તો પણ તમે લપસી પડો. ઋષિ-મુનિઓએ વાક્ય આપ્યું, 'નિશાનચૂક માફ, નહિ માફ નહિ નિશાન' એટલે જેણે નિશાન નક્કી કર્યું હોય, ધ્યેય નક્કી કર્યું હોય, પણ એ ચૂકી જાય તો એને માફ કરી શકાય, કારણ કે એ પ્રૅક્ટિસ કરશે તો ફરી નિશાન પર આવી જશે. પણ જેને નિશાન જ નથી, કોઈ ધ્યેય જ નથી ને જીવન જીવે છે એ માફ ના થાય. ભગવાનને રાજી કરવા માટે નીકળેલો સાધુ કે ભક્ત લપસી પડે, કંઈ ખોટું થઈ જાય; પણ ભગવાનને રાજી કરવાના ધ્યેય માટે નીકળ્યો છે એટલે પશ્ચાત્તાપ થતાં ભગવાન એને માફ કરી દે છે. પણ જેને ધ્યેય જ નથી એને કોઈ માફ નહીં કરે, કારણ કે ધ્યેય વગર તો રખડતું-હરાયું ઢોર થઈ જાય, પછી જે હોય એ ડફણાં મારે. એટલે આપણે ધ્યેય નક્કી કર્યું તન, મન, ધન પ્રભુના ચરણે ! આ મારો દેહ પ્રભુનો છે અને મારું મન પણ.

યોગીબાપા એક દાખલો આપતા. અષ્ટાવક્ર ઋષિ હતા. સીતાજીના પિતાજી જનકની પરંપરામાં જે રાજાઓ થયા એ બધા 'જનક' કહેવાતા. અત્યારે જેમ અટક કહેવાય તેમ જનક કહેવાય. એ જનક રાજાએ અષ્ટાવક્ર ઋષિને પારાયણ કરવા બોલાવ્યા. અષ્ટાવક્ર ઋષિનું પારાયણ ચાલુ હતું, સભા ભરાઈ હતી અને એમાં જનક રાજાને કંઈ કામ યાદ આવ્યું તેથી ઊભા થઈને બહાર ચાલવા માંડ્યા. એટલે અષ્ટાવક્ર ઋષિ કહે, 'જનક, આમ તો કહે છે કે, મન તમને સોંપ્યું છે, તો પૂછ્યું મને ? ઊભા કેમ થયા ? બેસી જાઓ.' જનક તો રાજા હતા, એમની પ્રજા હતી, એ સભામાં પ્રજાની વચ્ચે ગુરુએ રાજાને ટપાર્યા. આપણને ગુરુ આવું કહે તો તમ્મર ચઢી જાય કે ના ચઢી જાય ? એમ કહીએ કે, 'ભલા માણસ, એકલો હોઉં ત્યારે લઢો, આ મારી પ્રજાની વચ્ચે કેમ લઢો છો ?' પણ તેઓ શાંત રહ્યા અને તરત ગુરુની આજ્ઞા પાળીને બેસી ગયા. જનક રાજા કહે, 'મેં મારું મન, દેહ ગુરુને સોંપી દીધું છે. તેઓ જેમ આજ્ઞા કરે તેમ વાપરવું છે. મન એમનું જ મનન કરે, એમની જ આજ્ઞા પ્રમાણે જીવવું છે.' આ તો બધાની વચ્ચે મને ટોક્યો ? બધાની વચ્ચે મને આવું કહ્યું ? એવું કંઈ બોલે નહીં ને સહન કરે.

હવે સિવિલાઈઝ્ડ થયેલા માણસોને મોટામાં મોટો કોઈ રોગ લાગુ પડ્યો હોય તો તે ટૅન્શનનો. ના કહેવાય, ના રહેવાય અને ના સહેવાય. બોલે નહીં પણ અંદર બધું બખડજંતર ચાલતું હોય, અંદર મન કુસ્તી કરતું હોય, અને પછી મગજ ઉપર ચઢી જાય. પણ, 'ધન્ય છે મારા ગુરુને કે, મારા પર આટલો હક્ક કરીને તેઓ મને વઢ્યા !' એવું જે થાય એ ગુરુને મન સોંપ્યું કહેવાય. બાપા કહે, 'પોતાના ગુરુ અષ્ટાવક્ર માટે રાજાપણું છૂટી ગયું એટલે જનક 'વિદેહી' કહેવાયા.' રાજા હોવા છતાં પણ રાજ કરતા નહોતા.

**આપણા મંડળમાં, આપણા ઘરમાં,**
**આપણા સત્સંગમાં**
**સંતો ને ભક્તોનું માહાત્મ્ય**
**ગવાય એટલું ગાવ.**





**ગુરુ આગળ નિષ્કપટ થવું, અને નિષ્કપટ ના થવાય તો**
**પ્રભુની મૂર્તિ આગળ બેસીને પ્રાર્થના કરો કે,**
**પ્રભુએ આપેલો અમૂલ્ય ને મોંઘો દેહ**
**તમને રાજી કરવા સિવાય,**
**તમારા થઈને જીવન જીવવા સિવાય વાપરવો નથી.**
**છતાં ભૂલ થઈ જાય છે તો માફ કરો, બળ આપો.**

બે બ્રાહ્મણો જનક રાજાની મિથિલા નગરીમાં આવ્યા. એમને થયું, રાજા આટલું સરસ રાજ કરે છે, ગુનેગારોને સજા કરે છે, એમને રાણીઓ છે, છોકરાં છે, આટલું બધું બખડજંતર છે ને છતાં એમને 'વિદેહી' કેમ કહે છે ? જ્યારે આપણે તો સંસાર છોડીને બેઠા છીએ તો પણ આપણને કોઈ વિદેહી કહેતા નથી અને આમને વિદેહી કહે છે, તો એવું તો એમણે શું કર્યું છે ? જનક રાજાની સભા ભરાઈને બેઠી હતી. પેલા બ્રાહ્મણોને થયું, ચાલો આપણે જનક રાજાને પ્રશ્ન પૂછીએ, એટલે તેઓ સભામાં આવ્યા. સભામાં જાહેરાત થઈ કે, 'વિદ્વાન બ્રાહ્મણો, સંતો આવ્યા છે એમને પ્રશ્ન છે.' બ્રાહ્મણો કહે, 'હે રાજન ! અમે તમારા રાજ્યમાં આવ્યા ત્યારથી સાંભળીએ છીએ કે, અમારા રાજા 'વિદેહી' છે. રાજ્ય કરવા છતાં અકર્તા છે ! કશું એમને લાગતું-વળગતું નથી. તો એવું તો તમે શું કર્યું છે કે તમને 'વિદેહી' કહે છે ? તમે કેવી રીતે વિદેહી કહેવાયા? બધું જોઈએ છીએ, આંખે દેખાય છે, પણ આવું કેવીરીતે માનીએ ?'

બ્રાહ્મણનો આ પ્રશ્ન સાંભળી, રાજાએ તાળી પાડી એટલે ભાલા લઈને બે સૈનિકો હાજર થઈ ગયા. જનક રાજાએ કહ્યું, 'આ બેઉને પકડી લો અને બે દિવસ પછી એમને ફાંસીએ ચઢાવી દેજો.' પેલા બેઉ બ્રાહ્મણો તો ફફડી ગયા. થયું, આપણે ખોટી જગ્યાએ ભરવાઈ ગયા. દિવાનને સૂચના આપી હતી કે, 'આ બે બ્રાહ્મણોને સારામાં સારો ઉતારો આપજો, બે દિવસ એમનું લાલનપાલન કરજો અને ભાતભાતનું જમાડજો.' હવે કોઈને બે દિવસ પછી મરવાનું હોય તો કંઈ ભાવે ? પેલા બ્રાહ્મણો તો નિરાશ થઈને બેઠા. એમને થયું, રાજાને ક્યાં આવો પ્રશ્ન પૂછ્યો ? આપણે તો નહીં લેવા-દેવા વગર જિંદગી ખોઈ બેસીશું. તો આપણે રાજા પાસે જઈને માફી માંગીએ. એટલે એમણે રાજાને સંદેશો મોકલાવ્યો કે, અમારે આપને મળવું છે. રાજાએ ત્રણ દિવસે પાછા તેમને દરબારમાં બોલાવ્યા. સભામાં બ્રાહ્મણો કહે, 'રાજાજી અમારી ભૂલ થઈ ગઈ. આવો પ્રશ્ન પૂછીને અમે તમારું અપમાન કર્યું, અમને માફ કરી દો.' રાજા કહે, 'એક શરતે માફ કરું. તમારા બંનેના હાથમાં તેલથી છલોછલ ભરેલી એક-એક કટોરી આપશે. એ લઈને તમારે અમારી જે મુખ્ય સ્ટ્રીટ છે એની પર ગોળ ફરીને પાછું રાજમહેલમાં આવવાનું. પાછળ બે ખુલ્લી તલવારે સૈનિકો હશે. જો કટોરીમાંથી તેલનું એક પણ ટીપું નીચે પડ્યું તો ત્યાં જ માથું ડુલ. અને તેલનું ટીપું ના પડે એમ તમે કટોરી લઈને પાછા હેમખેમ આવો તો તમારો ગુનો માફ.' એટલે એ બેઉને થયું, ચાલો, આ અજમાવીએ. રાજાની આજ્ઞા હતી એટલે શહેરની આખી સ્ટ્રીટને સરસ રીતના શણગારી. ફૂટપાથ ઉપર ડાન્સ ચાલે, ગીત વાગે. પણ આ બે જણાએ કંઈ જોયું નહીં અને હેમખેમ દરબારમાં પાછા આવ્યા. એટલે રાજા કહે, 'તમારો જવાબ તમને મળી ગયો ને !' બ્રાહ્મણો કહે, 'મહારાજ, અમે તો માંડ માંડ તપેલી લઈને પાછા આવ્યા.' રાજા કહે, 'તમે અમારી સ્ટ્રીટમાં ફર્યા, ડાન્સ ચાલતા હતા, રોશની હતી, ભાતભાતની દુકાનો શણગારી હતી, એ બધું તમે જોયું ને ?' ત્યારે પેલા કહે, 'અમારું ધ્યાન તો કટોરીમાંથી તેલનું ટીપું નીચે ના પડે તેમાં જ હતું. અમે બધે ફરીને આવ્યા, પણ તેલ સિવાય બીજું કશું અમે જોયું નથી. અમારું મોત અને તેલ. એટલે જનક રાજા કહે, 'હું પણ હરેક કાર્યમાં મારા પ્રભુ સિવાય કંઈ જોતો નથી – એ જનક વિદેહી.'

આ વિદેહી અવસ્થા ! સંસારમાં રહેવા છતાં સંસારથી અલુપ્ત. આ જે બધું છે એ મારું નથી, મારા પ્રભુનું છે; એ ધન સમર્પિત થયું કહેવાય. પ્રભુના કાર્ય માટે, પ્રભુના ભક્તો માટે, સંતોની આજ્ઞાથી છૂટું વાપરવાનું. વાપરવાનું આપણે જ છે, યાદ રાખો. યોગીજી મહારાજ કહેતા, 'શિર અર્પ્યા વિના શ્યામ રિઝશે નહીં.' માથું આપ્યા સિવાય ભગવાન કદી રાજી ના થાય. આ સંતો પર પ્રભુ એટલે રાજી છે કે તેઓ માથું આપીને બેઠા છે. એટલે શું ધડથી માથું જુદું કરવાનું ? ના, 'હું તમારો ને તમે મારા !' એટલું કરો એ અર્પણ કર્યું. બાપા કહેતા, બધાનાં માથાં લઈએ તો સેવા કોણ કરશે ? પણ ભાવ કરવાનો છે કે, 'પ્રભુ હું તમારો છું, આ દેહ તમારા અર્થે કૃષ્ણાર્પણ છે.' એટલે તેઓ રાજી થાય એમાં જ તે વપરાય, તેઓ રાજી ના થાય એમાં વાપરી જ ના શકીએ એ બૃહદ વૈરાગ્ય ! બીજે વપરાય છે તો વૈરાગ્ય ઓછો છે, એને મઠારતા જવાનું. એ રાજી ના થાય એવું કામ થાય છે, રાજી ના થાય એવું બોલાય છે, સંભળાય છે, જોવાય છે, એ રાજી ના થાય એવી જગ્યાએ દેહને લઈ જઈએ છીએ અને વાપરીએ છીએ; એ

આપણને ખબર છે; તો ગભરાવું નથી, યાદ રાખો ! ધ્યેય નક્કી કરનાર માણસ ધ્યેય સુધી પહોંચતાં ભૂલ કરશે, એને સાધનામાં સ્ખલન થશે તો ભગવાન એને માફ કરશે. નિશાન ચૂક માફ ! પણ એણે અંતરદૃષ્ટિ કરીને પ્રાર્થના કરવી પડે કે, પ્રભુ માફ કરજો ! પણ એનું જોનાર દુઃખી થશે, યાદ રાખો ! હમણાં મેં વાત કરી હતી તેમ, પેલા યુવાન સાધુએ છોકરીને ખભે ઊંચકીને નદી પાર કરી કિનારે ઉતારી દીધી. પણ, સાથેના સાધુએ ગુરુને ફરિયાદ કરી કે, 'આણે છોકરીને ઊંચકીને નદી પાર કરાવી કિનારે ઉતારી.' ત્યારે ગુરુ કહે, 'એણે તો છોકરીને કિનારે મૂકી દીધી, પણ ત્યાંથી ઊંચકીને તું અહીં આશ્રમમાં લઈ આવ્યો, તેં એની નિંદા કરી એટલે હવે તું બે ઉપવાસ કર.' કોઈ લપસ્યા હોય એની વાતો ઘણા કર્યા કરે. અરે એ તો એમાંથી બહાર નીકળી ગયો, પણ તું હજુ ત્યાં ને ત્યાં જ હલવાયો છું. એટલે એવું નહીં કરવાનું. કોઈના દોષ, કોઈની ભૂલ, કોઈના સ્ખલન ઉપર તમે જો ફોકસ કરશો, એની ચાડિયાપણું કરશો તો તમે એની એ જ જગ્યાએ ઊભા રહ્યા છો, તમે આગળ નહીં વધો. પેલો તો આગળ નીકળી ગયો હશે. કોઈને વિશે માથાકૂટ, ભાવફેર થાય તો એને સંભારીને અને પછી મગજમાં ચલાવ્યા કરો તો તમે સાધનામાં આગળ નહીં જાવ.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, 'આપણો સત્સંગ પ્રગતિ કરતાં ચૈતન્યોનો છે.' આજે છે એના કરતાં તેઓ કાલે ચાર પગલાં આગળ ગયેલાં છે. આજે તમે જે જગ્યાએ ઊભા છો એ જગ્યાએ કાલે નહીં હોવ, આગળ હશો. અને તમે હજુ ત્યાં જ જોયા કરશો તો એનો અર્થ કે, તમે ત્યાંના ત્યાં જ છો. એટલે કહ્યું કે, કોઈના દોષ જોવા નહીં, સાંભળવા નહીં. જેને આધ્યાત્મિકતાની ખબર છે, જેને આધ્યાત્મિક ઉત્થાન કરવું છે, જેને ભગવાનને રાજી કરવાના ધ્યેય પર પહોંચવું છે; એને આ પાયો પકડવો જ પડશે. ગુણાતીતાનંદ સ્વામી, યોગીજી મહારાજ જેવા દિવ્ય પુરુષે જે વાત કરી છે એ આપણા આત્માના, ઇન્દ્રિયો-અંતઃકરણના સીમાડા જોઈને કરેલી વાતો છે. સાયન્ટિસ્ટોએ કહ્યું કે, 'ઇલેક્ટ્રિકના વાયરને અડશો તો કરંટ લાગશે. અને કરંટ લાગશે તો મરી જશો.' પછી કોઈ એનો પ્રયોગ કરવા ગયા કે, આ કોઈ ગપ્પાં તો નથી મારતાંને ? એવું કોઈ નહીં કરે. એમ, આ પણ આધ્યાત્મિક રીતે મરવાના ધંધા છે, માર ખાવાના ધંધા છે; એમાં પડશો જ નહીં.

આપણા મંડળમાં, આપણા ઘરમાં, આપણા સત્સંગમાં સંતો ને ભક્તોનું માહાત્મ્ય ગવાય એટલું ગાવ. અને આ દેહ, તન, મન, ધન હરિના ચરણે... આ દેહ ભગવાનના અર્થે કૃષ્ણાર્પણ કરવું છે. અહીં બેઠાં છીએ તે આપણે સૌએ અને બીજાં સત્સંગમાં છે પણ અહીં નથી આવી શક્યાં એ બધાંએ આ દેહ ભગવાનને ચરણે ધર્યું છે. એટલે એનાથી ખોટું કામ થાય તો પશ્ચાત્તાપ, પરિતાપરૂપી પ્રાર્થના કરવી. અથવા તો ગુરુ આગળ નિષ્કપટ થવું, અને નિષ્કપટ ના થવાય તો પ્રભુની મૂર્તિ આગળ બેસીને પ્રાર્થના કરો કે, પ્રભુએ આપેલો અમૂલ્ય ને મોંઘો દેહ તમને રાજી કરવા સિવાય, તમારા થઈને જીવન જીવવા સિવાય વાપરવો નથી. છતાં ભૂલ થઈ જાય છે તો માફ કરો, માફ કરો, માફ કરો. બળ આપો, બળ આપો, બળ આપો. કચકચાવીને પ્રાર્થના કરજો, પછી જોજો તમારું અદ્ભુત કામ થશે, યાદ રાખો !

મન પ્રભુની મૂર્તિમાં ! તેઓ રાજી થાય એવાં જ વિચાર, મનન, ચિંતવન કરવાં છે, ના થાય ત્યાં પ્રાર્થના-ભજન કરવાં છે. એટલે અડધો કલાકની ધૂન કરવાનું કહ્યું છે. અને ભગવાને માનવદેહ આપ્યો છે, એમાં બધી શક્તિઓ, હોશિયારી, આવડત-સ્કિલ્સ ભગવાને આપી છે. એનો ઉપયોગ કરીને જે ધન પ્રાપ્ત થાય છે તે ભગવાનનું છે, ભગવાને આપ્યું છે, આપણું નથી. પણ, ભગવાન એટલા દયાળુ, ઉદાર છે કે, આપણને વાપરવાની ના નથી કહેતા; પણ જ્યારે ભગવાનનું કાર્ય હોય ત્યારે એના માટે પણ છૂટા હાથે વાપરો. ધન એમ ને એમ કમાવાતું નથી, બુદ્ધિ, આવડત, હોશિયારી, સમય, ફેમિલીનો ભોગ બધું આપીને એ પ્રાપ્ત થતું હોય છે. પણ એ ધન ભગવાનના કાર્યમાં જ્યારે વાપરવાનું હોય ત્યારે છૂટ્ટું મૂકી દેવું છે, આપણે માલિક નથી થવું; એ ભગવાનને અર્થે સમર્પિત થયા કહેવાય. અને ત્યારે આ 'તન, મન, ધન હરિના ચરણે...' આ ગાયું બરોબર થાય.

આપણે ખાસ ધ્યાન રાખીએ કે, પ્રભુએ આ અમૂલ્ય, મોંઘામાં મોંઘો માનવદેહ આપ્યો છે, એનાથી કલ્યાણ કરી લેવું છે. છતી દેહે અક્ષરધામનાં

**મન પ્રભુની મૂર્તિમાં !**
**તેઓ રાજી થાય એવાં જ**
**વિચાર, મનન, ચિંતવન કરવાં છે,**
**ના થાય ત્યાં પ્રાર્થના-ભજન કરવાં.**





**ધન ભગવાનના કાર્યમાં**
**જ્યારે વાપરવાનું હોય ત્યારે છૂટ્ટું મૂકી દેવું.**
**આપણે માલિક નથી થવું;**
**એ ભગવાનને અર્થે સમર્પિત થયા કહેવાય.**

સુખ, શાંતિ ને આનંદ ભોગવવાનો અદ્‌ભુત મોકો ને અદ્‌ભુત તક મળી છે એ વેડફાઈ ના જાય એની જાગ્રતતા રહે એટલે આ બધા સંતો દાખડો કરે છે. બાકી, આપણી સાથે રહીને એમને શો સ્વાર્થ છે ? પણ આપણે આ માનવ દેહથી આપણું ધ્યેય સિદ્ધ કરીએ. છતી દેહે આવી તક પ્રાપ્ત થઈ છે. સારા ઘરે જન્મ મળ્યો, મા-બાપે સારા સંસ્કાર આપ્યા અને ભગવાનની કૃપાથી આ સંતોનો યોગ થયો; તો આવો મેળ પડી ગયો છે તો એનાથી કાર્ય સિદ્ધ કરી લેવું જોઈએ. એવી જાગ્રતતા રહે એ માટે આવી શિબિરો, સભાઓ, સમૈયા-ઉત્સવ વારંવાર કરાવે છે. યોગીજી મહારાજ અને શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ કહેતા કે, વારેવારે હરિભક્તોને બોલાવીને સમૈયા-ઉત્સવ કરીએ છીએ તો ભીડામાં લઈને સ્વભાવ, પ્રકૃતિ રહિત બનાવવા છે.

અત્યારે તો ભીડો જ નથી. પહેલાંના વખતમાં તો ખાવાનો, રહેવાનો બહુ ભીડો હતો. અમે વલ્લભવિદ્યાનગરથી ગોંડલ સમૈયામાં ૪૦-૫૦ છોકરાઓ જતા. ૧૨x૧૨ની એક રૂમ મળે. અને ગાદલાં લેવા જઈએ તો પૂછે, 'કેટલા વ્યક્તિ છો ?' આપણે કહીએ, '૫૦' તો કહે, '૧૦ ગાદલાં લઈ જાવ.' ૧૦ ગાદલાંમાં ૫૦ જણ કેવી રીતે સૂઈ જાય ? ત્યારે યોગીજી મહારાજ અમને ગણિત શિખવાડતા કે, 'સુહૃદભાવ રાખવો.' સુહૃદભાવ એટલે શું ? એની બાપા પોતે વ્યાખ્યા કરતા કે, 'સુહૃદભાવ એટલે ૫૦ જણ હોઈએ અને સૂવા માટે ૧૦ ગાદલાં આપે તોય બે ગાદલાં વધે એનું નામ સુહૃદભાવ.' આવું કેવી રીતે શક્ય બને ? તો, ૫૦ જણ હોય એને લાઈન પાડીને ગાદલાં આપીએ. ૫૦ જણને ખબર છે કે, ગાદલાં તો ૧૦ જ છે. એટલે જે આવે એ કહે કે, 'હું તો ગાદલામાં સૂતો નથી, હું તો નીચે શેતરંજી પર જ સૂઈ જઉં છું. માટે મારે ગાદલાની જરૂર નથી.' ૪૨ જણ ગાદલાંમાં ના સૂતા હોય અને મોટી ઉંમરવાળા આઠ જ જણ ગાદલાં પર સૂતા હોય તો એને ગાદલાં આપો તો બે ગાદલાં વધે કે ના વધે ? એનું નામ સુહૃદભાવ. આવા ભીડામાં બાપા સત્સંગ કરાવતા.

'ભીડા' શબ્દનો અર્થ જે ઍન્જિનિયરિંગની લાઈનના હશે એને ખબર હશે. નટ-બોલ્ટ ચવ્વડ જેવાં થઈ ગયાં હોય, એકદમ કાટ ચઢી ગયો હોય, એને તમે સામાન્ય પક્કડથી ખોલવા જાવ તો ખૂલે નહીં, છૂટાં જ ના પડે. એના માટે 'ભીડો' કરીને એક સાધન આવે છે. એમાં બોલ્ટ પકડાવીને બરાબર ફીટ કરી નાખે. પછી નટને ફેરવો એટલે નટ-બોલ્ટના આંટા છૂટા પડી જાય. એમ, ચવ્વડ જેવી પ્રકૃતિ-સ્વભાવ છૂટે નહીં, પણ આપણને ભેગા કરીને, અથડાવીને એવી ચવ્વડ જેવી પ્રકૃતિ ને સ્વભાવને છૂટાં પાડી દે છે. સમૈયા-ઉત્સવમાં બોલાવીને ભગવાન આપણું આંતરિક પરિવર્તન કરતા હોય છે. આપણે જાગ્રતતા એટલી જ રાખવાની કે, કોઈનું જોવું નહીં, કોઈના દોષ ના જોવા, કોઈની ખોટી વાત સાંભળવી નહીં, કોઈની ટીકા-ટિપ્પણ કરવી નહીં. બાકી, અંદરનો બધો પ્યૉરિફિકેશન પ્લાન્ટ છે એ ચાલ્યા જ કરશે.

દેહ ભગવાનને અર્થે સમર્પિત કર્યો છે એટલે અહીંથી નક્કી કરીને જઈએ કે, આ દેહે કરીને પ્રભુ રાજી થાય એવી આપણે પ્રવૃત્તિ કરીએ. આપ રાજી થાવ એવી જગ્યાએ જઉં, આપ રાજી થાવ એવાં કાર્ય કરું, આપ રાજી થાવ એવું અંદર નાખવું છે, બહાર જોવું છે. એ દેહને ભગવાનને અર્થે સમર્પિત કર્યો કહેવાય. અને મનથી પણ એક તમારા થઈને જ જીવન જીવવાનું અનુસંધાન રખાય. ધન એ આપે આપેલી મૂડી છે. આપે આપેલ આવડત, હોશિયારીથી પ્રાપ્ત થયેલું ધન પણ હે પ્રભુ ! તમારા કાર્યમાં જ્યારે જરૂર પડે ત્યારે છૂટ્ટે હાથે વાપરીશું. આ સમર્પણ ! બાકી તો બધું આપણે જ વાપરવાનું છે, પણ જ્યારે જરૂર પડે ત્યારે પ્રભુના કાર્યમાં વાપરીએ. ઘરે જઈને કારોબાર તો કરવાનો છે. બહેનોએ ઘરે જઈ શાક સમારવાનું છે, રસોઈ બનાવવાની છે. પણ, ભગવાન રાજી ના થાય એવું છોડી દેવું.

આ દુનિયામાં, ભારતના બે જણનાં જીવનચરિત્ર વિચારું ત્યારે મારી આંખમાંથી આંસુ આવી જાય. એક યોગીજી મહારાજનું-રડું જ આવે એટલું બધું એમણે સહન કર્યું છે. એટલું બધું તેઓ ખમ્યા છે, છતાં આપણને અઢળક પ્રેમ આપ્યો છે. એમના બધા પ્રસંગો સાંભળો તો તમે આશ્ચર્યમાં પડી જાવ એવું તેઓ આપણા માટે જીવન જીવ્યા છે. અને બીજું; સરદાર સાહેબનું. અંદર બધું ઝેર પચાવીને એ માણસે ભારતને જે આપ્યું છે એની કોઈને કલ્પના આવે એવી નથી.

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું ત્યારે સરદાર સાહેબ નાયબ વડાપ્રધાન તરીકે નિમાયા. એમના વતનનું ગામ કરમસદ. ત્યાં નવી સ્કૂલ બંધાયેલી. કરમસદ ગામવાળાને થયું કે, આપણે આ ગામમાં વલ્લભભાઈને બોલાવીએ, તેમનું સન્માન કરીએ અને એમના હાથે સ્કૂલનું ઉદ્‌ઘાટન કરાવીએ એટલે સરદાર સાહેબને બોલાવ્યા. ઉદ્‌ઘાટનમાં આખું પ્યૉર સોનાનું તાળું અને સોનાની ચાવી રાખ્યાં અને સરદાર સાહેબ પાસે ઉદ્‌ઘાટન કરાવ્યું. ટ્રસ્ટીમંડળને એમ કે, આ સભામાં તાળાની હરાજી થશે તો તાળું લેવા માટે લાખો રૂપિયા ભેગા થશે. પણ સરદાર તો પહેરણના ખિસ્સામાં તાળું-ચાવી મૂકીને સભામાં આવી ગયા. પછી સરદાર સાહેબનું પ્રવચન આવ્યું.

જુઓ, જે ગામનો દીકરો છે, જે ગામે એમનું સન્માન કરીને સ્કૂલનું ઉદ્‌ઘાટન કરાવ્યું, તેથી બીજા કોઈ હોય તો વખાણ કરે, પણ ત્યારે સરદાર શું બોલ્યા ખબર છે ? 'કરમસદ ગામવાળાને એમ હશે કે, આ તાળાની સરદાર હરાજી કરાવશે, પણ આ તાળું હું દિલ્હી લઈ જઈ સરકારમાં જમા કરાવવાનો છું, હરાજી નથી કરાવવાનો. તમારે પૈસા જોઈતા હોય તો તમારા બળદિયાઓને શુક્રવારીમાં વેચો છો – એ બંધ કરો તો પૈસા ભેગા થશે.' સમજ પડી ? પહેલાંના વખતમાં ખેડૂતોને બળદ જોઈતા હોય તો શહેરમાં ઠેરઠેર શુક્રવારી બજાર ભરાય. બળદ વેચનારા બળદ લઈને આવે અને બળદ જોઈને એની કિંમત થાય ને પછી વેચાતો લઈ જાય. એમ, અમારા છ ગામના અને બાર ગામના બધા પટેલો લગ્નના સમયમાં છોકરાઓને લગ્નના બજારમાં મૂકે અને એની પૈઠણ લે. 'તમારા બળદિયાઓની પૈઠણ લેવાની બંધ કરો તો પૈસા ભેગા થશે' આવું કોણ કહે ? અને પટેલોને આવું કહે તો એમને તો તમ્મર ચઢી જાય. પાટીદારને જો કંઈ પણ નડતું હોય તો અહંકાર-ઈગો. યોગીબાપા કહેતા, 'અહોહો પટેલ, તમે તો સત્સંગના થાંભલા છો !' એમ કહે તો પટેલ કહેશે, 'બોલો સ્વામી શી સેવા કરું ?' અને જો એમ કહે, 'અહોહો પટેલ, તમે ડબ્બાઓ છો' તો તમારો વરો પણ બગાડે. એવા પટેલોની આગળ સરદાર સાહેબ, તમ્મર ચઢી જાય એવું બોલ્યા. પણ એમણે સાચી વાત કરી. સાચી વાત કરતાં કોઈનીય બીક ના લાગે. અને આવું કડવું ઓસડ કોણ પાય ? આપણી મા – આપણા સારા માટે પાય. એમ, આ અમારા અશ્વિનભાઈ, બધાયને કહે અને મનેય કહે.

વર્ષો પહેલાં હું 'અનુપમ'માં રહેતો હતો. મને ૧૦૨ ડિગ્રી તાવ બે દિવસ ચાલ્યો. ઘનશ્યામે જઈને અશ્વિનભાઈને કહ્યું, 'સાહેબને ૧૦૨ ડિગ્રી તાવ છે તો ડૉક્ટરને બતાવીશું ?' એટલે તેઓ કહે, 'જુઓ ભાઈ, ડૉક્ટરને બતાવવાની કાંઈ જરૂર નથી. તમે તમારા સાહેબને બે દિવસ અપવાસ કરાવો એટલે સાજા થઈ જશે.' મને અશ્વિનભાઈ માટે પ્રેમ એટલે ખોટું ના લાગે. મેં કહ્યું, 'ઘનશ્યામ, એમની વાત સો ટકા સાચી છે. ડૉક્ટર પાસે જઈશું એટલે બે-ચાર દવાઓ લખી આપશે અને એ દવાઓ ખાવા કરતાં ઉપવાસથી રોગ જાય તો સારામાં સારું. એટલે ચાલો ઉપવાસ કરી નાખીએ.' પપ્પુને પણ એમણે એક વખત કહ્યું. આમ મને ચાલવામાં વાંધો નહીં, પણ પગથિયાં ચઢવા-ઊતરવા હાથ પકડવો પડે. એટલે પપ્પુ કાયમ હાથ પકડે. અશ્વિનભાઈ પપ્પુને કહે, 'પપ્પુભાઈ, તમને તમારા સાહેબ માટે બહુ પ્રેમ છે, બહુ સારું છે, પણ એમને ખાલી એકલા ચાલવા દો, એમને પાંગળા ના બનાવી દો.' આવું કોણ કહી શકે ? એટલે આ અશ્વિનભાઈ એ આપણા છૂપા સરદાર છે. અશ્વિનભાઈની વાત જો હકારાત્મક લઈએ તો આપણું કામ થઈ જાય અને નકારાત્મક લઈએ તો સાધના લંબાઈ જાય. સ્પષ્ટ વક્તા જે છે એ સાચો સુહૃદ છે, યાદ રાખો ! અને આવો સુહૃદભાવ ભગવાનની કૃપા હોય તો સમજાય, નહીં તો એ વસ્તુ પણ નથી સમજાતી.

એક એક સાધુને તમે જુઓ તો અદ્વિતીય છે, કોઈ સામાન્ય નથી. એવા અદ્‌ભુત સાધુઓના સાંનિધ્યમાં રહીને ભગવાનને રાજી કરવાના માર્ગે ચાલવાનો આપણને ચાન્સ મળ્યો છે તે વેડફાઈ ના જાય એટલે જાગ્રતતા માટે જ સમૈયા-ઉત્સવ-શિબિરો કરીએ છીએ. તો ખાસ સંકલ્પ કરીને જજો. 'ગમે તે થાય-કરેંગે યા મરેંગે, પણ અક્ષરધામરૂપ હોકર રહેંગે.' આ દેહે કરીને અક્ષરધામરૂપ રહેવું છે. એની એક જ કિંમત ચૂકવવાની છે-નિર્દોષભાવેયુક્ત ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા કર્યા જ કરવી છે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

**'ગમે તે થાય-કરેંગે યા મરેંગે,**
**પણ અક્ષરધામરૂપ હોકર રહેંગે.'**
**આ દેહે કરીને અક્ષરધામરૂપ રહેવું છે.**
**એની એક જ કિંમત ચૂકવવાની છે-**
**નિર્દોષભાવેયુક્ત ભગવાન ને**
**ભગવાનના ભક્તોની સેવા કર્યા જ કરવી.**





# સાધુહૃદયની પ્રાર્થનાગંગા



## હે કાકાજી !

આ ધન્ય ધરા પર આપનું પ્રાગટ્ય
એ કોઈ આકસ્મિક ઘટના નથી
શ્રીજીનો સંકલ્પ અને સ્વામીની અમીદૃષ્ટિ
શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બંને
પોતાના દિવ્ય કાર્યના સાથી અનુગામી
તેવા આપને સાથે લઈને પધાર્યા.
આપે આ બ્રહ્માંડમાં આવીને
સમગ્ર સાધકજગતને એક નવી દૃષ્ટિ આપી
ગુરુભક્તિનું અજોડ દૃષ્ટાંત પૂરું પાડ્યું
સેવા-સમર્પણનાં મૂલ્યોની સ્થાપના કરી
અમ જેવા અનેક સાધકોને-મુમુક્ષુઓને
યોગીબાપાને ચરણે સમર્પિત થવા પ્રેરણા આપી
પોતાનું કંઈ જ નહિ... કેવળ ગુરુમુખી
તેવા દિવ્ય જીવન જીવવા સૂઝ સમજ આપી.
સત્સંગ એટલે કેવળ સત્પુરુષના ગમતામાં વર્તી લો
તે સત્ય દર્શન કરાવ્યું.
સુહૃદભાવ આત્મીયતા મૈત્રીભાવ...
જેવા અધ્યાત્મ પરિભાષાના શબ્દો આપે જીવી બતાવ્યા.
મુક્તોનું માહાત્મ્ય-સ્વરૂપનું માહાત્મ્ય આપ સમજ્યા
તેવું જ અમને સમજાવવા આપે સંકલ્પ કર્યા.
યોગીબાપા 'સંબંધવાળા માથાના મુગટ' એમ માનતા
બાપાના એ હાર્દને આપે આત્મસાત્ કર્યું
સંબંધવાળા સાથે નિર્દોષભાવનો સંબંધ બાંધ્યો
અમને સૌને એ માર્ગે ચાલવા બળ પૂર્યાં.
માન અપમાનમાં એકતા રાખવી
અખંડ બ્રહ્મનો આનંદ કરવો
સતત ગુરુદેવ સામે દૃષ્ટિ રાખી જીવવું
આ શાસ્ત્રના શબ્દોને આપે પળેપળ જીવી બતાવ્યા.
આપે શાસ્ત્રીજી મહારાજને સેવાથી રાજી કર્યા
યોગીબાપાને સેવ્યા ને લાડીલા દીકરા બન્યા
યોગીના સાચા વારસદાર બની ગયા
યોગીસ્વરૂપનું દિવ્ય દર્શન સમગ્ર સમાજને કરાવી ગયા.
પપ્પાજી-કાન્તિકાકા બંને આત્મબંધુ સાથે
સુહૃદભાવનો આત્મીય સંબંધ દૃઢ કર્યો
હરિપ્રસાદ સ્વામીજી, અક્ષરવિહારી સ્વામીજી, ગુરુજી ને સાહેબજીને
પોતાના કર્યા ને યોગીવારસ ઘડવા સુહૃદ સાથી બન્યા.
અમ જેવા અનેક યુવાનો અને ભક્તો
સંતો અને બહેનોના તો આપ પ્રેરકબળ બન્યા
સાહેબજી અને સ્વામીજી સાથેના આત્મસંબંધમાં
કેમ જોડાવું ને કેવો મહિમા સમજવો
તે સમજાવવા આપે અથાગ પરિશ્રમ કર્યો.
આપે વચન દીધાં પૂર્ણ કર્યાં ને બળ પૂર્યાં
કેટલાય પથભ્રષ્ટને સત્ય માર્ગે દોર્યા
કેટલાયના વ્યવહાર સુધાર્યા ને દિવ્ય બનાવ્યા
આપની કૃપાથી જ અનેકોએ આત્મકલ્યાણ સાધ્યાં.
સાધનામાં ધૂન અને પ્રાર્થનાની અનિવાર્યતા સમજાવી
સુહૃદભાવ ને એકતાથી એકાંતિકપણું સિદ્ધ થાય
તે અભય દીધાં ને સિદ્ધ કરાવ્યાં.
હે કાકાજી ! હે દયાળુ !
આપે અમ સૌ માટે જીવન ઘસી નાંખ્યું
આપે અમને સાચા ભક્ત બનાવ્યા ને સુખી કર્યા
આપનું પ્રાગટ્યપર્વ ઉજવાશે
ત્યારે એ પુનિત મંગલે અમે પ્રાર્થના કરીએ છીએ...
અમે સ્વરૂપ સાથે સંબંધ દૃઢ કરીશું
અમે પરસ્પર સુહૃદભાવે બંધાઈશું
અમે અક્ષરપુરુષોત્તમ ઉપાસના દૃઢ કરી-કરાવીશું
અમે સૌને નિર્દોષ માની વ્યવહાર કરીશું
અમે સદાય શ્રીજી-સ્વામી-યોગીબાપા...
આપ અને પ્રત્યક્ષના ગમતામાં જીવન જીવીશું,
હે દયાળુ ! આપ પરમતત્ત્વ સ્વરૂપે આજે પ્રગટ છો તો
અમારા આ સંકલ્પ પૂર્ણ કરવા સદા સાથે રહી બળ પૂરજો.



સાધુ શાન્તિદાસના જયસ્વામિનારાયણ.

૨૩.૧૧.૦૯







# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

**શિબિર : જીવનમાં સત્સંગના ચાર પાયા : માહાત્મ્ય–નિશ્ચય–આશરો–સેવા.**
**એકતાનગર, રાજપીપળા, નર્મદા : ૩ ડિસેમ્બર ૨૦૨૩**

**નર્મદા** જિલ્લામાં ૨૦૦૬ના વર્ષથી અનુપમ મિશન દ્વારા શરૂ કરેલી શિક્ષણ, આરોગ્ય, સમાજ ઉત્થાન, વ્યસનમુક્તિના વિવિધ કાર્યક્રમોનાં પરિણામો પ્રત્યક્ષ રીતે આ પ્રદેશમાં પધારીને જેમને જોવા મળ્યા એવા છેક કચ્છ અને મુંબઈ સુધીનાં મંડળોમાંથી પધારેલા સૌ અક્ષરમુક્તોને ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ !

આપણી ત્રણ મુખ્ય અને પવિત્ર નદીઓ વિશે આપણાં શાસ્ત્રો એમ કહે છે કે, યમુનાનું સ્નાન, ગંગાનું પાન અને નર્મદાનાં દર્શન આપણને મોક્ષગતિ તરફ આગળ મોકલે છે. એવી પવિત્ર નર્મદા નદીનાં દર્શન કરવાનો ને મોક્ષપ્રાપ્તિ તરફ આગળ વધવાનો અદ્‌ભુત લાભ પ્રાપ્ત થયો.

માત્ર આ પ્રદેશને નહીં, સમગ્ર રાષ્ટ્રને અને સમગ્ર માનવજાતિને પ્રેરણા આપે એવું વિશાળ વ્યક્તિત્વ ધરાવનારા સરદાર સાહેબની વિશાળ પ્રતિમા અહીંયાં મા નર્મદાના કાંઠે મૂકવામાં આવી છે ; એ માત્ર જોવાનું-ફરવાનું સ્થાન નથી, એમાંથી આપણે પ્રેરણા મેળવીએ. સરદાર સાહેબે 'શિક્ષાપત્રી' વાંચીને એમ કહ્યું હતું કે, 'આ દેશની પ્રજા જો 'શિક્ષાપત્રી'નું પાલન કરશે તો કૉર્ટ-કચેરીઓનાં કામ ઘણાં ઓછાં થઈ જશે.' એટલે સમાજની સુવ્યવસ્થાનો આધાર જે સદાચાર પર છે, જે ધર્મ અને નીતિ ઉપર છે તેનો ઉલ્લેખ સરદાર સાહેબે પોતાના જીવન-અનુભવથી કર્યો છે. તેઓના પિતાશ્રી ઝવેરચંદભાઈ પટેલ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત અને સંતોના કૃપાપાત્ર હતા. અને એ સંસ્કારથી સરદાર પટેલ પોતાના પારિવારિક જીવનમાં, પોતાના વ્યાવસાયિક જીવનમાં અને રાષ્ટ્ર માટે જ્યારે સમર્પિત થયા ત્યારે સૌ માટે અદ્‌ભુત દૃષ્ટાંતરૂપ બન્યા.

ગુરુહરિ સાહેબદાદાએ કહ્યું કે, મારા ગુરુ યોગીજી મહારાજ અને બીજા સરદાર પટેલ એ બેનાં જીવનચરિત્ર વાંચીએ. યોગીબાપાને સંભારીને ગુરુહરિ સાહેબદાદાએ આપણને ઘણી વાતો કરી છે અને બીજું એમનું ગમતું રાષ્ટ્રનું આદર્શ પાત્ર એવા સરદાર સાહેબની વાતો પણ ગુરુહરિ સાહેબદાદાના શ્રીમુખે સાંભળવાનો આપણને અનેક વખત લાભ મળ્યો છે. સાહેબદાદાએ આપણને પરિવારની એકતા અને સુસંવાદિતાને આધ્યાત્મિક બાબતો સાથે જોડીને સ્થાપવા માટેનાં માર્ગદર્શન આપ્યાં છે.

સરદાર પટેલના જીવનનો એક બહુ જાણીતો પ્રસંગ છે. ઈંગ્લૅન્ડમાં બૅરિસ્ટર તરીકે ભણવા જવા માટે એમણે અરજી કરી. એ મંજૂર થઈ અને એમને વિદેશ જવાની પરમિટ મળી. એ પરમિટમાં નામ લખેલું હતું – મિ. વી. ઝેડ. પટેલ. ટપાલ તેમના મોટા ભાઈ વિઠ્ઠલભાઈ પટેલના હાથમાં આવી. વિઠ્ઠલભાઈ પણ હોનહાર હતા. એમને ભાવ થયો કે, મારે પણ વિલાયત ભણવા માટે જવું છે. એમણે વલ્લભભાઈ આગળ રજૂઆત કરી. બંને ભાઈઓ જીવનની ઊજળી તક માટે આશા રાખનારા અને મહત્ત્વાકાંક્ષા ધરાવનારા હતા. પણ ત્યાગ અને સમર્પણનો જેમનો નાનપણથી સ્વભાવ છે એવા સરદાર પટેલ તરત જ એ વાતનો સ્વીકાર કરે છે અને મિ. વી. ઝેડ. પટેલના નામથી આવેલી પરમિટ ઉપર વિઠ્ઠલભાઈ બૅરિસ્ટર થવા માટે વિલાયત જાય છે, જે આપણા રાષ્ટ્રનો ઈતિહાસ છે.

વિઠ્ઠલભાઈ ભણીને પાછા આવ્યા પછી વલ્લભભાઈએ પોતાનો નંબર લગાડ્યો અને વિલાયત જઈને બૅરિસ્ટર થઈને પાછા આવીને

વકીલ તરીકેના વ્યવસાયમાં જોડાયા. પરિવાર જીવન આગળ વધી રહ્યું છે. હજુ રાષ્ટ્રની ચળવળમાં તેઓ જોડાયા નથી ત્યારે એક સારા વકીલ તરીકે પ્રૅક્ટિસ કરતા હતા. એક અસીલના કેસની તેઓ અંગ્રેજ ન્યાયાધીશની સમક્ષ જ્યારે દલીલો કરી રહ્યા હતા ત્યારે દોડતો દોડતો એક ચપરાશી આવીને તેમના હાથમાં એક ટૅલિગ્રામ આપી જાય છે. સરદાર સાહેબે એ ટૅલિગ્રામ હાથમાં લઈ, ઊડતી નજરે વાંચીને એની ગડી વાળીને ખિસ્સામાં મૂકી દીધો. તેઓ પોતાના વ્યવસાયને વફાદાર છે, પોતાના અસીલે ફી આપી છે એટલે એના વકીલ તરીકે સોએ સો ટકા પોતાના સ્વધર્મનું પાલન કરવા માટે તેઓ દલીલો કરવાની ચાલુ રાખે છે. એ કેસ તેઓ જીતે છે. પણ અંગ્રેજ ન્યાયાધીશને કૌતુક થાય છે એટલે કૉર્ટ પત્યા પછી તે સરદાર સાહેબને પૂછે છે કે, 'ચાલુ કૉર્ટે તમારી ઉપર કોઈ સંદેશો આવ્યો હતો તે શું હતું ?' અને ત્યારે સરદાર સાહેબ એમ કહે છે કે, 'મારાં પત્નીનું મૃત્યુ થયાનો સંદેશો હતો.' સંસારમાં રહેવા છતાં પણ સાધુચરિત જીવન કેવી રીતે જીવવું એ એમણે બતાવ્યું. આ આપણા રાષ્ટ્રના સાધુચરિત રાજપુરુષનું ઉચ્ચતમ્ દૃષ્ટાંત છે.

અમદાવાદની કૉર્ટમાં ગાંધીબાપુ આવ્યા ત્યારે સરદાર સાહેબ બ્રીજ - પત્તાં રમતા હતા. કોઈએ એમને કહ્યું કે, 'બાપુ આવ્યા છે.' પણ 'હું ભલો ને મારું કામ ભલું' એવું આપણને એમની દાનતમાં લાગે. પછીથી તેઓ જ્યારે બાપુના કામ સાથે જોડાયા તો કેવી રીતે જોડાયા ? તે આપણે સૌ જાણીએ છીએ. આચાર-વિચાર, આહાર-વિહાર, વિચાર અને વર્તનથી તેઓ તદ્દન ગાંધીવાદી બન્યા. જેઓ વિલાયતમાં ભણીને આવ્યા છે, જેમને પોતાના વ્યવસાય અને કારકિર્દીમાં આગળ વધવા માટેની જ એકાગ્રતા છે, જેઓ અંગ્રેજો અને અંગ્રેજી શિક્ષણના પ્રભાવ હેઠળ છે; તેઓ જ્યારે ગાંધીબાપુ સાથે, કોંગ્રેસ સાથે, આઝાદીની ચળવળ સાથે જોડાય છે ત્યારે આહાર-વિહાર, વિચાર અને વર્તન-વ્યવહાર દ્વારા તેઓએ ગાંધીવિચારોને પોતાના જીવન સાથે વણી લીધા, ઓતપ્રોત કરી લીધા. વસ્ત્ર-પરિવેશ બદલી કાઢ્યો. પોતાના હાથે કાંતેલા સૂતરથી જે ધોતિયું અને પહેરણ બને તે એમણે પહેરવાનું શરૂ કર્યું. ચંપલ પણ હાથ બનાવટનાં મોચીકામ કરનારા કારીગરો દ્વારા તૈયાર થયેલાં અને જેના ટાંકા પણ લાંબા-ટૂંકા હોય એવાં ચંપલ પહેરવાનું એમણે ચાલુ કર્યું.

હજુ તો એ વલ્લભભાઈ વિલાયતથી આવેલા બૅરિસ્ટર છે, પણ જ્યારે ખેડા જિલ્લાના પહેલા સત્યાગ્રહમાં એમણે બાપુની પ્રેરણાથી ભાગ લીધો અને ત્યાં એમણે જે જોયું-જાણ્યું, તો અંગ્રેજ સરકારનો વહીવટ, એના કાયદા-કાનૂનો માટે પ્રજાને જાગ્રત કરી અને પ્રજાના ખમીરમાં નવી ચેતના પૂરવાનું એમણે મનોમન નક્કી કર્યું. પછી બારડોલીના સત્યાગ્રહની નેતાગીરી બાપુએ જ્યારે તેમને સોંપી અને એ વિસ્તારમાં એ અસહકારની ચળવળને જે સફળતા પ્રાપ્ત થઈ એને પરિણામે ગાંધીબાપુએ એમ કહ્યું કે, 'વલ્લભભાઈ એ માત્ર બારડોલી સત્યાગ્રહના સરદાર નથી, પણ હવે આપણા સમગ્ર રાષ્ટ્રના સરદાર બને છે.' અને ત્યારથી 'સરદાર વલ્લભભાઈ પટેલ' તરીકે તેમની ઓળખાણ ઉપસી આવી; નહીં કે વિલાયત ભણેલા બૅરિસ્ટર તરીકે. આ બહુ અદ્‌ભુત ચરિત્ર છે !

ઘણાંને એમ કે, અમારાં જીવનનું સદ્‌ભાગ્ય કે, અમને સાહેબદાદાની સાથે સરદાર સાહેબની પ્રતિમાનાં દર્શન કરવાનો લાભ મળ્યો ! તો એટલેથી અટકીએ નહીં. પણ સાહેબદાદાને એ રાષ્ટ્રનેતા, એ યુગપુરુષ કેમ ગમ્યા ? તો એમના ગુણોનો વિચાર કરીએ અને એની સામે આપણા જીવનની નિમ્ન અને ક્ષુલ્લક બાબતોને સરખાવીએ. આપણે એમની પ્રતિમા આગળ જઈને ઊભા રહીએ ત્યારે કેવા ટચૂકડા ને ઠીંગણા દેખાઈએ છીએ. આપણું વ્યક્તિત્વ, આપણું અસ્તિત્વ કેટલું હીણ છે, કેટલું નીચું છે એનું સરદાર સાહેબ જ આપણને દર્શન કરાવે છે.

જ્યારે દેશ આઝાદ થયો, ભાગલા સહિત આ રાષ્ટ્રને સ્વતંત્રતા મળી, ધર્મના આધારે દેશની ભૂમિને વહેંચી દેવામાં આવી, જેમાંથી બે દેશ બન્યા; ત્યારે સૌથી મોટું વિકટ અને અઘરું કામ જો કોઈના માથે આવ્યું હોય તો એ રાષ્ટ્રના પ્રથમ ગૃહપ્રધાન તરીકે સરદાર સાહેબના માથે આવ્યું. વડાપ્રધાન પદ માટેના સમર્પણની વાત તો આપણે જાણીએ છીએ. તે સમયની પ્રદેશ સમિતિઓમાંથી બધી પ્રદેશ સમિતિઓએ રાષ્ટ્રના વડા થવા માટે, વડાપ્રધાન થવા માટે સરદાર સાહેબનું નામ સૂચવ્યું. બહુમતી મળી પણ ગાંધીબાપુની ઇચ્છા-મરજી-રુચિ જાણીને વલ્લભભાઈ ઉમેદવારીમાંથી પોતાનું નામ પાછું ખેંચી લે છે અને પંડિત જવાહરલાલ નહેરુ આ રાષ્ટ્રના પ્રથમ વડાપ્રધાન બને છે. કેટલું મોટું સમર્પણ ! પોતે કરેલી મહેનત અને એ મહેનતને પરિણામે મળતાં જશ કે પદની પણ ઇચ્છા કે લાલસા રાખ્યા વગર અને અમારા નેતા જે કહે એ રાષ્ટ્રના હિતમાં, શુભ- મંગલ અને સર્વને માટે લાભદાયી હોય; એના માટે સરદાર સાહેબે સમર્પણ કર્યું. પછી તો એમને નાયબ વડાપ્રધાનનું પદ પણ આપવામાં આવ્યું. પણ નાયબ વડાપ્રધાનપદ કરતાં પણ વિશેષ તો

ભાગલા સમયની જે વિકટ પરિસ્થિતિ હતી, એમાં ગૃહપ્રધાન તરીકે સરદાર સાહેબના માથે જે જવાબદારી આવી એ તેમણે બહુ સરસ રીતે સંભાળી.

પરિવારમાં એમને બે સંતાન. એક દીકરો ડાહ્યાભાઈ અને બીજી દીકરી મણિબહેન કે જેઓ આજીવન કુંવારાં રહ્યાં. રાષ્ટ્રને માટે સમર્પિત થયેલા પિતાની સેવા માટે એમણે પોતાના વ્યક્તિગત સાંસારિક ને વ્યાવહારિક જીવનની આહુતિ આપી. અને તે ક્યાં સુધી ? તો મણિબહેન જે સાડી પહેરતાં, એ વલ્લભભાઈના ઘસાઈ ગયેલા ધોતિયાનું દોઢિયું બનાવીને, એ દોઢિયું સાડી મણિબહેન પહેરતાં. આદર્શ પિતાની આદર્શ પુત્રી ! અને ડાહ્યાભાઈ તો મુંબઈમાં રહેતા. એમને સરદાર સાહેબે કડક સૂચના આપેલી કે, 'હું જ્યાં સુધી દિલ્હી આ પદ ઉપર છું, ત્યાં સુધી કોઈનીય ભલામણ, સિફારસ લઈને તારે દિલ્હી નહીં આવવાનું.' પોતાનો રાષ્ટ્ર પ્રત્યેનો સ્વધર્મ બજાવવામાં સગા દીકરાને પણ મનાઈ. જેના પિતા નાયબ વડાપ્રધાન છે, ગૃહપ્રધાન છે ; આમ કહીએ તો રાષ્ટ્રની બધી જ વહીવટી સત્તાઓ જેમની પાસે હતી; એવા સત્તાપુરુષના દીકરાને સહેજે મન થઈ જાય, પણ તમે વિચાર કરો, કેટલી બધી શુદ્ધતા, કેટલી બધી પવિત્રતા ! કેટલા ઉચ્ચતમ વિચારો, આદર્શ ભાવનાઓને ધારણ કરીને એ પુરુષ જીવનના છેલ્લા શ્વાસ સુધી જીવ્યા.

જ્યારે એમણે દેહ મૂક્યો ત્યારે એમના બૅન્ક બૅલેન્સની ચોપડીમાં એમના પોતાના વ્યક્તિગત અધિકાર તરીકેની સંપત્તિમાં ૨૧૨ રૂપિયાનું બૅન્ક બૅલેન્સ હતું. આખા રાષ્ટ્રનું સુકાન જેમના હાથમાં હતું, અને બે હાથે જેટલું ભેગું કરવું હોય તેટલું કરી શકે એટલી જેમની સત્તા હતી એ માણસ પોતાના પરિવાર માટે પાછળ ૨૧૨ રૂપિયાનું બૅન્ક બૅલેન્સ મૂકીને જાય છે ; આ નાનીસૂની બાબત નથી ! વ્યક્તિગત જીવનમાં, પારિવારિક જીવનમાં, વ્યાવસાયિક જીવનમાં કે રાષ્ટ્રસેવાના – રાજકારણના જીવનમાં પણ ઉચ્ચ આદર્શોને એમણે જીવીને બતાવ્યા છે.

એવા પુરુષના શ્રીચરણોમાં બેસીને તન, મન, ધન સાહેબના ચરણોમાં ધરવાનો સંકલ્પ જ્યારે આપણે કરી રહ્યાં છીએ ત્યારે પ્રાર્થના કરીએ કે, સરદાર સાહેબની આ પ્રતિમા અને સરદાર સાહેબ જેવું જીવન જીવી ગયા એ આપણાપણાના ભાવમાં આપણે જે સૂઈ રહ્યાં છીએ એમાંથી આપણને સતત જાગતાં રાખે અને મનમુખી મટી ગુરુમુખી જીવવા માટે સંકલ્પબદ્ધ થઈએ તેવા રૂડા આશીર્વાદ આપે તેવી મંગલ પ્રાર્થના !

જય શ્રીસ્વામિનારાયણ ! ◆

# TOTAL WELLNESS MANAGEMENT

## ABOUT WATER - THE LIFE SUSTAINER

~ Lt. Gen. Mohinder M. Walia (Retd.)

### Introduction

After air, water comes next in order of importance for sustaining good health.

The human body has about 75 percent water, which is present in every organ of the body. The presence of the right amount of water in the body is essential for good health. Water deficiency in the body may cause serious health problems, like heart disease, UTI, dehydration, indigestion, constipation, skin disease, etc.

### Some Noteworthy Points

* At least eight glasses of water must be consumed by an adult, both in summer or winter.
* Drinking lukewarm water should be preferred in place of cold water.
* Drinking of water while standing is avoidable. Sit down to drink water.
* Avoid drinking water with meals. Half an hour before or after food is the right time to take water.
* Water should be generally sipped when taken during the day.

### Water Consumption : Daily Routine

* Take two sips of water, first thing in the morning when you get up. The saliva that goes down the stomach is good for health.
* Next, take two glasses of warm water before going to the toilet. Gulp this water. It will help clearing up your bowels.
* When you go to the wash room in the morning, fill up your mouth with water and then splash water over the eyes with both palms. This is very good for the eyes.
* Drink a glass of warm water just before taking a bath. This saves you from high BP.
* Drink a glass of warm water just before going to bed at night. It saves you from a heart attack.
* And finally, just remember : Don't take or make water standing ! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ મે, બુધવાર...** સવારે દુબઈથી ભારત પરત પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીની નયનકુમાર-રાજશ્રીબહેનના ઘરે યોજેલ વિદાય-મિલન સભામાં રોનકે પૂજન કરી તેમજ નયનભાઈ-રાજશ્રીબહેને શબ્દોથી આભાર માની વિદાય અર્પી. સાંજે દુબઈના દરિયાકિનારે સૌ સંતો-ભક્તો સાથે પધાર્યા, સત્સંગ-ગોષ્ઠિ, આરતી-ધૂન કરી પરત ઘરે પધાર્યા.

**૨ મે, ગુરુવાર...** સવારે નયનકુમાર-રાજશ્રીબહેનના ઘરે મંગલપૂજામાં સૌને ગોષ્ઠિનો આનંદ કરાવ્યો. સાંજે કિશોરભાઈ ગોકલના ઘરે, રોહિતભાઈ-પ્રવીણાબહેનના દીકરા પુનિરના ફ્લૅટ પર પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી. પુનિર અને તેઓના આરબ તથા રશિયન મિત્રોએ પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. આરબ મિત્રોએ તેઓના રિવાજ મુજબ અત્યંત આદરભાવે સંતભગવંત સાહેબજીને બિસ્ત અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. રાત્રે પરત ઘરે પધાર્યા.

**૩ મે, શુક્રવાર...** સવારે નયનકુમાર-રાજશ્રીબહેનના ઘરે મંગલપૂજામાં સૌને આશીર્વાદ પાઠવ્યા. કપિલભાઈ-મેઘનાબહેન, હર્ષદભાઈ-નીતાબહેનના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. શારજહામાં જવાહરભાઈ-મોનિકાબહેનના ઘરે પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી તેઓનાં સગાંસંબંધી અને મિત્રોને આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી મૂકેશભાઈ ગોકલ-સોનલબહેનના ઘરે પધારી મૂકેશભાઈના નિરામય સ્વાસ્થ્યલાભ માટે ધૂન-પ્રાર્થના કરી. સાંજે નયનભાઈ-રાજશ્રીબહેનના ઘરે સંધ્યા આરતી બાદ વિદાય-મિલન સભામાં ભારત પરત પધારતા સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા તથા તેઓના ઘરે સેવા કરતા સૌ સેવાર્થીઓને સ્મૃતિભેટ આપી આશીર્વાદ પાઠવ્યા. દુબઈ ઍરપૉર્ટ પરથી સૌની ભાવભરી વિદાય લઈને અમદાવાદ તરફ પ્રસ્થાન કર્યું.

**૪ મે, શનિવાર...** વહેલી સવારે અમદાવાદ ઍરપૉર્ટ ઉપર વડીલ સાધુ દિલીપદાસજી, સાધુ સતીશદાસજી અને ભક્તોએ સ્વાગત કર્યાં. ઍરપૉર્ટથી 'સમર્પણ' બંગલા પર પધાર્યા, જ્યાં સાધુ ગૌતમદાસજીએ પૂજન-હાર અર્પણ કરી સ્વાગત કર્યાં. સૌ સ્થાનિક યુવકો-ભક્તોને આશીર્વાદ પાઠવી બ્રહ્મજ્યોતિ પધાર્યા. સદ્‌ગુરુ સાધુઓ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા અને સૌ સંતો-ભક્તોએ પૂજન, પુષ્પહાર અર્પણ કરી સ્વાગત કર્યાં. શ્રી ઠાકોરજીને આરતી અર્પણ કર્યા બાદ સૌ સંતો સાથે 'પરિમલ' સંતનિવાસસ્થાને પધારી ગોષ્ઠિનો આનંદ કરાવ્યો. સાંજે 'પારમિતા' સભાખંડમાં યોજેલ સ્વાગત-મિલન સભામાં દુબઈ મંડળનાં માહાત્મ્યની વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૫ મે, રવિવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો. ત્યારબાદ સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો અદ્‌ભુત લાભ આપ્યો. યુ.કે.થી પધારેલ લલિતભાઈ સોઢાને સત્કારી આશીર્વાદ આપ્યા.

**૬ મે, સોમવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો. ત્યારબાદ સભામાં કીર્તનભક્તિનો આનંદ માણી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૭ મે, મંગળવાર...** સવારે મંદિરજીમાં શણગાર આરતીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લઈ, ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને દર્શનનું સુખ આપ્યું. ત્યારબાદ લોકસભાની ચૂંટણી નિમિત્તે મોગરી ગામની કન્યાશાળામાં સૌ સંતો-ભક્તો સાથે મતદાન કરવા પધાર્યા. સાંજે મુંબઈથી પધારેલ બેચરભાઈ અને ડૉ. શિલ્પાબહેન દેસાઈનું 'અક્ષરમહોલ'માં સ્વાગત કર્યું. ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૮ મે, બુધવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો. ત્યારબાદ સભામાં કીર્તનભક્તિનો આનંદ માણ્યા બાદ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'તીરથ'ના ઑડિટોરિયમમાં સંતોની

સભામાં પધારી આશીર્વાદ આપ્યા. રાત્રે 'અક્ષરમહોલ'માં સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૯ મે, ગુરુવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિવાસ કરી દર્શનાર્થે પધારેલ સૌ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે 'અક્ષરમહોલ'માં સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૦ મે, શુક્રવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો. ત્યારબાદ સભામાં કીર્તનભક્તિનો આનંદ માણી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૧ મે, શનિવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો. ત્યારબાદ સભામાં કીર્તનભક્તિનો આનંદ માણ્યા બાદ ઉપસ્થિત સૌને સત્સંગનો અદ્‌ભુત લાભ આપ્યો. યુ.કે.થી પધારેલ વિજયકુમાર-દર્શનાબહેન તથા ભાવિશાબહેનનાં સ્વાગત કર્યાં. સુરતથી પધારેલ ડૉ. નિર્મલભાઈ તથા પરિવારજનોને સત્કાર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ મે, રવિવાર...** સવારે યજ્ઞશાળામાં પધારી યજ્ઞનો લાભ લીધો તથા યજમાનો, આચાર્યો તથા યજ્ઞમાં પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા. મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો અને સભામાં ઉપસ્થિત સૌને દર્શન-સમાગમનું સુખ આપ્યું. સાંજે આરતીમાં પધાર્યા. કાર્તિકભાઈ અને કીર્તનભાઈ ભટ્ટ સપરિવાર પધાર્યા, તેઓને સત્કારી આશીર્વાદ આપ્યા.

**૧૩ મે, સોમવાર...** સવારે યુ.કે. પધારતાં બારીન્દ્રભાઈ-બિંદુબાને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. 'ચારુતર આરોગ્ય મંડળ'ના ચૅરમૅન શ્રી અતુલભાઈ પટેલ અને મિત્રો પધાર્યા, તેઓને સત્સંગલાભ આપ્યો.

**૧૪ મે, મંગળવાર...** સાંજે યુ.કે. પરત પધારતાં વિજયકુમાર-દર્શનાબહેન અને ભાવિશાબહેનને વિદાય આપી. મુંબઈથી પધારેલ ભરતભાઈ અને યોગેશભાઈ પઢિયારને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૫-૧૬ મે, બુધવાર-ગુરુવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિવાસ કરી બ્રહ્મજ્યોતિમાં ચાલતી અનેકવિધ પ્રવૃતિઓ નિહાળી સૌ સંતો-કાર્યકર્તાઓને આશીર્વાદ તેમજ સત્સંગનું સુખ આપ્યું. તેમજ દર્શનાર્થે પધારેલ સૌ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૭ મે, શુક્રવાર...** સાંજે 'પારમિતા' સભાખંડમાં આગામી દિવસોમાં શરૂ થઈ રહેલ 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર' નિમિત્તે યોજેલ સભામાં સૌ વ્રતધારી સંત ભાઈઓ, યુવકો-યુવતીઓ આદિ મુક્તોને શિબિર-સેવામાં સહભાગી થવા માટે પ્રોત્સાહન તથા જરૂરી માર્ગદર્શન આપ્યાં. શિબિર-આયોજનમાં પ્રવૃત્ત સંતોને બિરદાવી આશીર્વાદ આપ્યા.

**૧૮ મે, શનિવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો. ત્યારબાદ સભામાં કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા અમદાવાદથી પધારેલ અનુપમસ્વજનશ્રી સુધીરભાઈ નાણાંવટી તેમજ સાથી મુક્તોને સત્કાર્યા. તેઓએ અનુપમ મિશન માટે પ્રદાન કરેલ વિવિધ સેવાનાં દર્શન ઉપસ્થિત સૌ ભક્તોને કરાવ્યાં. સાંજે મંદિરજીમાં સંધ્યા આરતી-દર્શનનો લાભ લીધો. રાત્રે 'અક્ષરમહોલ'માં સભામાં પધારી દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૧૯ મે, રવિવાર...** સવારે મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજી સમક્ષ 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર'ના પ્રારંભે શિબિર નિર્વિઘ્ને પાર પડે તે માટે ધૂન-પ્રાર્થના કરી. પ્રજ્ઞાનતીર્થ પર યોગીનગરમાં 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર-૨૦૨૪'ના દ્વાર પાસે સદ્‌ગુરુ સંતો, વ્રતધારી સંતો, ભક્તો અને શિબિરાર્થીઓએ અદ્‌ભુત ભક્તિભાવે સત્કાર્યા. સભામાં શિબિરના મધ્યવર્તી વિષય 'મંદિર અને સંતનો યોગ, અપાવે પ્રભુપ્રસન્નતા' ઉપર અદ્‌ભુત વાતો કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે દર્શનાર્થે પધારેલા મુક્તોને 'અક્ષરમહોલ'માં દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૦ મે, સોમવાર...** સવારે પ્રજ્ઞાનતીર્થ પર ગ્રીષ્મ શિબિરસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'શ્રી જલારામ સત્સંગ સેવા મંડળ'-ધર્મજ દ્વારા પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીના 'આત્મીય આરાધના ઉત્સવ'-ભાવવંદના કાર્યક્રમમાં પધારી પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને સંતો-ભક્તોના મહિમાની અદ્‌ભુત વાતો કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ મે, મંગળવાર...** સાંજે પ્રજ્ઞાનતીર્થ પર ગીષ્મ શિબિરમાં પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં પધારી શિબિરાર્થીઓ દ્વારા પુછાયેલ પ્રશ્નોનાં આધ્યાત્મિક માર્ગદર્શન આપી સમાધાન કર્યાં.

**૨૨ મે, બુધવાર...** સવારે મંદિરજી પર પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને સંતોને સત્કાર્યા તથા રાજભોગ આરતી-દર્શનનો લાભ લીધો.

**૨૩ મે, ગુરુવાર...** સવારે ગ્રીષ્મ શિબિરમાં યોજાયેલ પ્રભાતફેરી કરી પ્રજ્ઞાનતીર્થથી બ્રહ્મજ્યોતિ પર પધારેલ દીકરા-દીકરીઓને મંદિરજીમાં આશીર્વાદ પાઠવ્યા. મંદિરજીમાં શણગાર આરતીનાં દર્શન કરી મંદિરજીના પ્રાંગણમાં સૌ શિબિરાર્થીઓ સાથે ગ્રુપ ફોટાનો લાભ અને સ્મૃતિ આપી. ત્યારબાદ પ.પૂ. સોનાબા, બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજ અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનાં સમાધિસ્થાને પધારી દર્શન-પ્રાર્થના કરી પુષ્પાંજલિ અર્પણ કરી. સાંજે ડૉ. ભરતભાઈ દવે 'ઉપાસના'માં દર્શને પધાર્યા ત્યારે તેઓને સ્મૃતિભેટ અર્પણ કરી અભિવાદન કર્યાં. રાત્રે પ્રજ્ઞાનતીર્થ પર પધારી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સ્મૃતિમાં શિબિરાર્થીઓ દ્વારા યોજેલ કીર્તનઆરાધનામાં કીર્તનભક્તિનો આનંદ માણ્યો. ત્યારબાદ સભામાં ચેરિટી કમિશનર શ્રી કેતનભાઈ દહીસરિયાનાં અભિવાદન કર્યાં અને સૌ શિબિરાર્થીઓની ભક્તિને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ મે, શુક્રવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિવાસ કરી દર્શનાર્થે પધારેલ સૌ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો તથા સેવા કરતા સૌ અક્ષરમુક્તોની સેવા-ભક્તિને બિરદાવી દર્શન-સમાગમ અને આશીર્વાદનું સુખ આપ્યું.

**૨૫ મે, શનિવાર...** સવારે પ્રજ્ઞાનતીર્થ પર યુવાશિબિરમાં પધારી સભામાં ભૂતપૂર્વ શિબિરાર્થીઓનાં અનુભવદર્શનનો લાભ લીધો તથા 'સ્વામિનારાયણ' મહામંત્રનો મહિમા સમજાવી આશીર્વાદ આપ્યા. સભામાં પધારેલા મહેમાનોનાં સ્વાગત કર્યાં. સાંજે શિબિરાર્થીઓ દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી કાર્યક્રમમાં ભાગ લેનાર સૌ કલાકારોની કલાને બિરદાવી અંતરનો રાજીપો વરસાવ્યો અને આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ મે, રવિવાર...** સવારે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી પ્રજ્ઞાનતીર્થ પર શિબિરની પૂર્ણાહુતિ સભામાં પધાર્યા. શિબિરાર્થીઓએ રજૂ કરેલ અનુભવદર્શન સાંભળીને અત્યંત પ્રસન્ન થયા અને સુંદર આશીર્વાદ આપ્યા. મહાપ્રસાદ બાદ પરત ઘરે જતા શિબિરાર્થીઓને તથા તેઓનાં માતા-પિતા સૌને આશીર્વાદ આપ્યા.

**૨૭ મે, સોમવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો. ત્યારબાદ સભામાં કીર્તનભક્તિનો આનંદ માણી ઉપસ્થિત સૌ ભક્તોને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની માસિક શાશ્વત સ્મૃતિદિન નિમિત્તે આશીર્વાદ આપ્યા. રાત્રે 'અક્ષરમહોલ'માં ઈંગ્લૅન્ડની ધર્મયાત્રાએ પધારતા વડીલ સાધુ પૂ. દિલીપદાસજીની વિદાય-મિલન સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ મે, મંગળવાર...** સવારે યુ.કે.ની ધર્મયાત્રાએ પધારતા વડીલ સાધુ પૂ. દિલીપદાસજી તથા યોગેન્દ્રભાઈ-મીનુબહેનને વિદાયની શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યાં. ત્યારબાદ સંતનિવાસ 'પરિમલ'માં સૌ સંતોને ગોષ્ઠિનો લાભ આપી આનંદ કરાવ્યો. તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓ નિહાળી સૌ સંતો-કાર્યકર્તાઓને માર્ગદર્શન-આશીર્વાદ આપ્યાં તેમજ દર્શનાર્થે પધારેલ સૌ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૯ મે, બુધવાર...** સાંજે 'તીરથ'ના ઑડિટોરિયમમાં સંતોની સભામાં પધારી યુવા ગ્રીષ્મ શિબિરની સફળતા માટે સૌ સંતો ઉપર રાજીપો દર્શાવી આશીર્વાદ આપ્યા. ૧૨ જૂને આવી રહેલ માણાવદર મંદિરના ૬૦મા પાટોત્સવમાં પધારી લાભ લેવા સૌ સંતોને નિર્દેશ કર્યા તથા માણાવદર મંદિરમાં નિવાસ કરતા સૌ સંતોની સેવા-ભક્તિનાં અદ્‌ભુત દર્શન કરાવ્યાં. સભા બાદ શાંતિકાકા (પંચરત્ન જ્વેલર્સ, અમદાવાદ) સપરિવાર દર્શનાર્થે પધાર્યા, તેઓને સત્કારી સત્સંગ-ગોષ્ઠિનો આનંદ કરાવ્યો.

**૩૦ મે, ગુરુવાર...** બ્રહ્મજ્યોતિ પર અમદાવાદથી દર્શનાર્થે પધારેલ પ્રવીણભાઈ કોટક અને અલકાબહેનનાં સ્વાગત કરી, સત્સંગ-ગોષ્ઠિનો સુંદર લાભ આપ્યો.

**૩૧ મે, શુક્રવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો. ત્યારબાદ સભામાં મોરબીથી કાનાભાઈ, કનુભાઈ, સંદીપભાઈ આદિ તેઓની ફૅક્ટરીના ઉદ્‌ઘાટન પ્રસંગે પધારવાનું નિમંત્રણ આપવા પધાર્યા, તેઓને આશીર્વાદ આપ્યા. રાત્રે 'અક્ષરમહોલ'માં સભામાં પધારી આશીર્વાદ આપ્યા. ◆

# સત્સંગ સમાચાર

## અનુપમ મિશન, સુરત મંદિરનો ૧૭મો પાટોત્સવ

૧૪ મે ૨૦૨૪ના રોજ સુરત મંદિરના ૧૭મા પાટોત્સવની ભક્તિમય ઉજવણી સંતભગવંત સાહેબજીના આશીર્વાદ સાથે કરવામાં આવી. પાટોત્સવના બે દિવસ પૂર્વે પ્રાદેશિક સંતો સાધુ પૂ. રમેશદાસજી, પૂ. રમેશદાસજી-દયાળુ, પૂ. મૂકેશદાસજી, પૂ. પિનાકીનદાસજી સુરત પધાર્યા ને તેઓનાં સાંનિધ્યમાં ૧૨ મે-રવિવારે બપોરે સભાનું તેમજ રાત્રે યુવકોની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સૌને વિવિધ સેવાઓ અંગે સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યાં.

૧૩ મે-પાટોત્સવની પૂર્વ સંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમનું અદ્‌ભુત આયોજન કરવામાં આવ્યું. સદ્‌ગુરુ સાધુઓ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિદાદા, પૂ. હર્ષદદાદાની સાથે ૩૦ જેટલી મોટી સંખ્યામાં સંતો આ દિવ્ય પ્રસંગે સુરત પધાર્યા. સુરત પ્રદેશનાં નાનાં ભૂલકાંઓ, યુવતીઓ ને બહેનો દ્વારા સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવાના ભાવથી ભક્તિમય સ્વાગતનૃત્ય, ભક્તિનૃત્ય ને સંવાદ રજૂ કરવામાં આવ્યાં. સંતભગવંત સાહેબજીએ સૌ ભક્તોને આપેલાં છ સંકલ્પસૂત્રોને કેન્દ્રસ્થાને રાખી સુંદર નાટ્યપ્રસ્તુતિ કરવામાં આવી, જે નિહાળી સૌ અત્યંત પ્રસન્ન થયાં. આજે સંતભગવંત સાહેબજીના પાસપૉર્ટ મુજબના પ્રાગટ્યદિનની સુંદર ઉજવણી કરવામાં આવી. સાધુ પૂ. સતીશદાસજીએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં તેમજ સૌ કલાકાર ભક્તોની ભક્તિની સરાહના કરી.

૧૪ મે ૨૦૨૪ના રોજ મંદિરજીમાં બિરાજિત શ્રી ઠાકોરજી, ગુણાતીત સ્વરૂપો અને સૌ દેવતાઓની મૂતિઓનાં પાટોત્સવ પૂજન સદ્‌ગુરુ સંતોની હાજરીમાં સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. રમેશદાસજી, પૂ. રમેશદાસજી-દયાળુ, પૂ. હરસુખદાસજી, પૂ. ઉમેશદાસજી આદિ વડીલ સંતો દ્વારા કરવામાં આવ્યાં. સાધુ પૂ. ઉત્પલદાસજી તેમજ સાધુ પૂ. રાજુદાસજીએ આચાર્યપદે બિરાજી ૨૦ યજમાન સંતો-ભક્તો પાસે ભાવપૂર્ણ અને શાસ્ત્રોક્ત રીતે પાટોત્સવ વિધિ કરાવી. શ્રી ઠાકોરજીના શણગાર દરમિયાન સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા. પાટોત્સવ પૂજન બાદ પાટોત્સવ મુખ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું. પૂનમભાઈ શર્માએ સદ્‌ગુરુ સંતો તેમજ અનુપમ મિશન, મોગરીથી પધારેલ સંતો અને મહેમાનોનાં શબ્દોથી સ્વાગત કર્યાં. સાધુ પૂ. કાનજીદાસજી અને પૂ. પીટરદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સંતભગવંત સાહેબજીના મહિમાની સુંદર વાતો કરી.

સંતભગવંત સાહેબજીએ ફોન દ્વારા સૌને રૂડા આશીર્વાદ પાઠવી સૌ ભક્તોની ભક્તિને બિરદાવી. આ પ્રસંગે દક્ષિણ ગુજરાત પ્રદેશના મંદિરની સેવામાં વર્ષોથી સમર્પિત છે તેવા પાયાના ભક્તો - ધનસુખભાઈ ચૌહાણ, સમજુબા ગોટી તેમજ રૂખી માસીનાં સાધુ પૂ. દિલીપદાસજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના હસ્તે પૂજન તથા શાલ અર્પણ કરીને વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યાં તેમજ તેઓના મહિમા ને સેવાના ગુણોનાં ગાન કરવામાં આવ્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિદાદા અને પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા. અંતે યુવા કાર્યકર રોહિતભાઈએ સૌનો આભાર વ્યક્ત કરી પાટોત્સવસભાની પૂર્ણાહુતિ કરી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન અક્ષરભાઈએ સંભાળ્યું.

સાંજે યુવક-યુવતીઓની માર્ગદર્શન સભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં સૌએ ઉપસ્થિત રહી લાભ લીધો. સાધુ પૂ. ઉત્પલદાસજી અને પૂ. સતીશદાસજીએ સુંદર માર્ગદર્શન આપ્યાં. સંતોનાં સાંનિધ્યે ભક્તિનો પરમ આનંદ માણી, મહિમામાં ગરકાવ બની સૌ આનંદથી સભર બન્યાં. ◆

## અનુપમ મિશનનાં ગૌરવ

ભગવાન સ્વામિનારાયણની કૃપા અને સંતભગવંત સાહેબજીના આશીર્વાદથી અનુપમ મિશન, શિણાયના તેજસ્વી યુવાન દુર્ગેશભાઈ માલીએ અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ, પૂણે આયોજિત 'ઑલ ઈન્ડિયા બહુભાષી નાટક, નૃત્ય, સંગીત', ૨૦મી 'કલ્ચરલ ફૉરમ ઑફ પર્ફોર્મિંગ આર્ટ' અંતર્ગત 'નૅશનલ આર્ટ ટૅલેન્ટ સર્ચ-NATS 2024'માં ૨૩ મેના રોજ યોજાયેલ શાસ્ત્રીય તબલાંવાદન પ્રતિયોગિતામાં પ્રથમ સ્થાન મેળવી અનુપમ મિશનનું તેમજ વડીલ માવતરોનું ગૌરવ વધાર્યું છે. દુર્ગેશભાઈને ખૂબ ખૂબ અભિનંદન ! હવે તેઓ અબુધાબી-દુબઈ (U.A.E.)માં નવેમ્બર ૨૦૨૪માં યોજાનાર 'પરફોર્મિંગ આર્ટ્સ'ના ૧૪મા કલ્ચરલ ઑલિમ્પિયાડ'માં પોતાની કલા રજૂ કરવા માટે પસંદગી પામ્યા છે. તેઓને ઉજ્જ્વળ સિદ્ધિ ને પ્રગતિશીલ કારકિર્દી માટે શુભેચ્છાઓ ! ◆

**યોગી વિદ્યાપીઠ :** સંતભગવંત સાહેબજીની કૃપાશિષ અને પ્રેરણાથી સંસ્કારસંપન્ન શિક્ષણ અને કેળવણી આપતી યોગી વિદ્યાપીઠની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બૉર્ડની પરીક્ષાઓનાં ઝળહળતાં પરિણામ આવ્યાં છે.

*** જ્ઞાનયજ્ઞ વિદ્યાલય :** મોગરી સ્થિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૧૦૦% પરિણામ આવ્યું છે, જેમાં ૩૦ વિદ્યાર્થીઓ A1 ગ્રેડ, ૩૮ વિદ્યાર્થીઓ A2 ગ્રેડ તથા ૩૨ વિદ્યાર્થીઓ B1 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૧૦૦% પરિણામ આવ્યું છે, જેમાં ૩ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ તથા ૪ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવી આણંદ જિલ્લામાં આગવું સ્થાન હાંસલ કરી શાળાનું નામ રોશન કર્યું છે.

*** શારદા મંદિર :** નડિયાદ સ્થિત શારદા મંદિરના ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૮૨.૭૯% પરિણામ આવ્યું છે, જેમાં શાળાના ૩૫ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને ૫૪ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ હાંસલ કરી સુંદર સિદ્ધિ મેળવી છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૮૧.૭૨% અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૯૬.૪૨% પરિણામ આવ્યું છે.

*** નીલકંઠવર્ણી વિદ્યાલય :** કચ્છ-શિણાય ખાતે અનુપમ મિશન સંચાલિત નીલકંઠવર્ણી વિદ્યાલયના ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૧૦૦% પરિણામ આવ્યું છે.

સંતભગવંત સાહેબજીએ સૌ વિદ્યાર્થીઓ અને સારસ્વતગણને અંતરની શુભેચ્છાઓ પાઠવી પ્રસન્નતાપૂર્ણ આશીર્વાદ પ્રદાન કર્યા છે. ◆

## શ્રી યોગી જયંતીની ભાવસભર ઉજવણી

વૈશાખ વદ બારસ, ૪ જૂન ૨૦૨૪ના રોજ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના ૧૩૩મા પ્રાગટ્યદિનની ભક્તિભરી ઉજવણી સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર કરવામાં આવી. વહેલી સવારે મંદિરજીમાં શણગાર આરતીમાં સૌ સંતો-અક્ષરમુક્તો એકત્ર થયા. યોગીબાપાની મૂર્તિ સમક્ષ યોગીમાહાત્મ્યનાં કીર્તનગાન, જપયજ્ઞ, મંત્ર-પુષ્પાંજલિ અને ભાવવંદના અર્પણ કરી. રાત્રે ‘પારમિતા’ સભાખંડમાં સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં માહાત્મ્યદર્શન સભા યોજાઈ. આ સભામાં ગુરુદેવ યોગીજી મહારાજની મૂર્તિનાં પૂજન કરી, પુષ્પહાર અર્પણ કરી ભાવવંદન ધર્યાં. ત્યારબાદ સભાસંચાલક સાધુ પૂ. સરજુદાસજી તથા સાધુ પૂ. પીટરદાસજીએ મહિમાનાં ગાન કર્યાં. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદા, પૂ. રતિકાકા અને પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી યોગીમાહાત્મ્યમાં સૌને લીન કર્યાં. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય જીવન, અકલ્પનીય ભક્તિ તથા અનુપમ પ્રેમ અને ભવ્ય કાર્યનાં અદ્‌ભુત વર્ણન કર્યાં. મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ અક્ષરમુક્તોએ આ ભક્તિભીની સરવાણીરૂપી યોગી પ્રાગટ્યવંદના માણી અલૌકિક અનુભૂતિ કરી. ◆



શ્રી યોગીજયંતી સભામાં સાહેબજીના આશીર્વાદનો લાભ લેતા સંતો-અક્ષરમુક્તો

## શ્રદ્ધાંજલિ

*** હસમુખભાઈ પટેલ :** વડોદરા મંડળના પાયાના સત્સંગી અને નિષ્ઠાવાન અક્ષરમુક્ત હસમુખભાઈ ૨૩ મે ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યા. સુરત રહેતા ત્યારથી તેઓ સંતભગવંત સાહેબજીના યોગમાં આવ્યા અને સત્સંગના રંગે રંગાયા. સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી જ તેઓ વડોદરા સ્થાયી થયા અને સત્સંગપ્રવૃત્તિઓમાં જોડાયા. શરૂઆતનાં વર્ષોમાં વડોદરા મંડળની સત્સંગસભાનાં સંચાલન સંભાળ્યાં તથા ‘વચનામૃત’, ‘સ્વામીની વાતુ’નાં પઠન કરવા આદિ સેવાઓ કરી સત્સંગનાં જ્ઞાન દૃઢ કર્યાં. વડોદરાના કોઈ પણ સેવાકાર્ય માટે સંતોની સૂચના આવે તો તેઓ જહેમત ઉઠાવી સમયસર તે સેવા પાર પાડતા. ગુરુહરિને પ્રસન્ન કરવાની અદમ્ય ભાવના સાથે તેઓ સતત જીવન જીવ્યા. તેમાં તેઓને ધર્મપત્ની કૈલાસબહેનનો સાથ મળ્યો ! આ દંપતીએ તેઓના બંને દીકરાઓ સુચેતભાઈ અને તેજસભાઈને પણ સત્સંગના સંસ્કારનો દિવ્ય વારસો આપ્યો અને દીકરાઓ પણ સંતોનાં વચને સપરિવાર સેવા-ભક્તિ કરી કલ્યાણસાધના કરી રહ્યા છે. હસમુખભાઈની બીમારી દરમિયાન પરિવારનાં સૌએ પ્રભુના કર્તાપણાનો સ્વીકાર કર્યો અને સેવા-ભક્તિનો ભાવ સતત વહાવ્યો. સત્સંગના આવા આદર્શ અક્ષરમુક્તને વિદાયવેળાએ અંતરથી વંદન ! ◆



# શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર ૨૦૨૪


**સંતભગવંત** સાહેબજીની કૃપાશિષ અને પ્રેરણાથી પ્રતિ વર્ષ યોજાતી 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર' આ વર્ષે ૧૯થી ૨૬ મે ૨૦૨૪ દરમિયાન શ્રી યોગીનગર, પ્રજ્ઞાનતીર્થ-મોગરી ખાતે યોજાઈ. આ વર્ષની શિબિર માટે સંતભગવંત સાહેબજીએ ધ્યેયસૂત્ર આપ્યું હતું કે, 'મંદિર અને સંતનો યોગ, અપાવે પ્રભુપ્રસન્નતા !' ૧૮ મેના રોજ અનુપમ મિશન, ભારતનાં વિવિધ મંડળો અને પ્રદેશોમાંથી ૩૭૫થી પણ વધુ શિબિરાર્થીઓ શિબિરમાં ભાગ લેવા માટે પધાર્યા.

૧૯ મે ૨૦૨૪, શિબિરના પ્રથમ દિવસે મુખ્ય સભા પૂર્વે શિબિરાર્થીઓ દ્વારા સંતભગવંત સાહેબજીનાં ભક્તિપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યાં અને તેઓના દિવ્ય સાંનિધ્યે સંતોએ દીપપ્રાગટ્ય દ્વારા શિબિરના શુભારંભ કરાવ્યા. શિબિરના સંચાલક સાધુ પૂ. યજ્ઞેશદાસજીએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર આપ્યો તેમજ શિબિર કાર્યક્રમની રૂપરેખા જણાવી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ જીવનને સર્વાંગી શ્રેષ્ઠ બનાવવા ઉત્તમનો સંગ કરવો, માતા-પિતાની સેવા કરવી, ગુરુજનોને આદર આપવો, સંતની આજ્ઞાનું પાલન કરવું અને ભગવાનમાં નિષ્ઠા રાખવારૂપી ચાવી આપી. તે માટે નિયમિત અડધો કલાકની ધૂન અને સત્સંગસભામાં હાજરી આપવા હાકલ કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ અને સંતભગવંત સાહેબજીએ સૌને શુભેચ્છાઓ પાઠવી, શિબિરના મહિમા જણાવી આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં. શિબિરના ધ્યેયસૂત્રને કેન્દ્રસ્થાને રાખી એક સુંદર કલાત્મક પ્રદર્શની- 'મારું મંદિર, મારું ઘર' તૈયાર કરવામાં આવી હતી, જેનાં ઉદ્‌ઘાટન સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી અને પૂ. રતિકાકાએ કર્યાં, જેનાં દર્શન કરી સૌ શિબિરાર્થીઓ અને ભક્તોએ ધન્યતા અનુભવી. આ પ્રદર્શનીમાં મંદિરનાં દર્શન અને મૂર્તિઓને વંદન, આરતી-થાળમાં ભક્તિ અર્પણ, મંત્રલેખન અને મંત્રજાપ, અઠવાડિકસભામાં હાજરી તેમજ મંદિરની સેવામાં તન, મન, ધનથી સેવાનાં સમર્પણ દ્વારા મંદિર અને સંત સાથેનો યોગ દઢ કરવાની ભાવના પરિદર્શિત કરાવવામાં આવી.

મંદિરમાં બિરાજમાન ભગવાન અને તેમના તત્ત્વને ધારક પ્રગટ સંતમાં આત્માનું જોડાણ પાકું થાય તે બાબતને કથાવાર્તા અને પ્રવૃત્તિઓ દ્વારા શિબિરાર્થીઓને સમજાવવામાં આવી. સંતભગવંત સાહેબજીના ગુરુદેવ યોગીજી મહારાજ સાથેનાં જોડાણ તથા સદ્‌ગુરુ સંતોના અને યુવાનોના સંતભગવંત સાહેબજી સાથેનાં જોડાણની વાતો કરવામાં આવી. નિત્ય મંત્રલેખન અને મંત્રજાપ, સમૂહ આરતી, પ્રાતઃપૂજા, પ્રભાતિયાં અને શયનસ્તુતિનાં ગાન આદિ દ્વારા પાયાના સંસ્કારોનું દઢીકરણ કરાવવામાં આવ્યું. દરરોજ સવારે મુખ્ય સભા આરંભે સદ્‌ગુરુ સંતોનાં જીવન, સમર્પણ અને સ્વાનુભવો અંગે વિડિયોદર્શન કરવામાં આવ્યું. વળી, ભજનો પર બનેલાં સુંદર વિડિયોદર્શનનો આનંદ પણ શિબિરાર્થીઓએ માણ્યો. રોજ સભા આરંભે દૈનિક કસોટી લેવામાં આવતી, જેમાં આગલા દિવસે મેળવેલ જ્ઞાન અને ઉપદેશ અનુરૂપ પ્રશ્નો પૂછવામાં આવતા કે જેથી પુનરાવર્તન અને નિદિધ્યાસ થઈ શકે.

સમગ્ર શિબિર દરમિયાન સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની દિવ્ય સંનિધિ પ્રાપ્ત થઈ. સંતભગવંત સાહેબજીએ નિત્ય સભાઓમાં સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષની-શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની અલૌકિક સમજણ પાકી કરાવી આશીર્વાદ વરસાવ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ

શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજી અને સંતોનાં સાંનિધ્યમાં 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર'ના શિબિરાર્થીઓને અમૂલ્ય સ્મૃતિસંભારણાં





સંતભગવંત સાહેબજી અને સંતો દ્વારા શિબિર પ્રારંભે દીપપ્રાગટ્ય



સદ્‌ગુરુ સંતો દ્વારા 'મારું મંદિર, મારું ઘર' પ્રદર્શનીનાં મુક્તાર્પણ

પણ નિત્ય સભાઓમાં ગુરુદેવ યોગીજી મહારાજ, સંતભગવંત સાહેબજી અને સાથી સદ્‌ગુરુ સંતોનાં અલૌકિક ગૌરવવંતાં માહાત્મ્યની વાતો કરી તેમજ જીવનઘડતરની પાયાની બાબતો અંગે લાક્ષણિક શૈલીમાં સમજણ આપી. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદાએ પણ આધ્યાત્મિક માર્ગદર્શન સાથે સાથી સદ્‌ગુરુ સંતોના મહિમાનાં વર્ણન કર્યાં અને સંતભગવંત સાહેબજીની રુચિ અનુસાર જીવન જીવવાનો રાહ બતાવ્યો.

સવારની મુખ્ય સભાઓમાં સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. ઉત્પલદાસજી, પૂ. રાજુદાસજી, પૂ. પંકજદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, પૂ. પીટરદાસજી, પૂ. બિમલદાસજી આદિ સંતોએ પણ સત્સંગલાભ પ્રદાન કરી મનનીય માર્ગદર્શન પૂરાં પાડ્યાં. એક સત્રમાં યુવાપ્રવૃત્તિના પ્રમુખ દિવ્યાંગભાઈ, પૂણેના યુવાનેતા બ્રિજભાઈ પટેલ, અમદાવાદનાં દીપ્તિબહેન દેસાઈ અને પ્રજ્ઞાબહેન પટેલે પ્રાસંગિક માર્ગદર્શન પ્રદાન કરી મંદિર અને સંત સાથેના પોતાના યોગની અનુભૂતિ વ્યક્ત કરી ધન્યભાવ ધર્યા. બહેનોનાં સંચાલક સેવકો સીમાબહેન અને ઋજુબહેન દ્વારા પણ પ્રાસંગિક માહાત્મ્યગાન અને સ્વાનુભવનાં દર્શન કરાવાયાં.

શિબિર દરમિયાન ગુજરાત હાઈકોર્ટના જજ તથા સુપ્રીમ કૉર્ટના વિખ્યાત વકીલ અને કાયદાકીય તજ્‌જ્ઞ શ્રીમાન સુધીરભાઈ નાણાંવટીએ પધારી જીવનમાં આગળ વધવા, યોગ્ય માર્ગ અને કારકિર્દી પસંદ કરવા તેમજ પરોપકારી બનવા અંગે અનેરાં માર્ગદર્શન પ્રદાન કર્યાં. અમદાવાદની 'સ્તવ્ય સ્પાઈન હૉસ્પિટલ'ના વિખ્યાત તબીબ ડૉ. ભરતભાઈ દવેએ



સંતભગવંત સાહેબજીએ પ્રદર્શની નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી

કરોડરજ્જુની સંભાળ અને નિરામય સ્વાસ્થ્ય માટે મહત્ત્વનાં માર્ગદર્શન આપ્યાં. મુંબઈના વિખ્યાત ઉદ્યોગસાહસિક શ્રી રામ યાદવ અને દિલ્હીનિવાસી ઉદ્યમી શ્રી પૃથ્વીભાઈએ લાઈફ ઍન્ડ વર્ક મૅનેજમૅન્ટ અંગે માર્ગદર્શન આપ્યાં.

અઠવાડિક સત્સંગસભાનાં આયોજનની જવાબદારીપૂર્ણ સેવા અંગે સાધુ પૂ. પરેશદાસજીએ માર્ગદર્શન પ્રદાન કર્યાં. સાધુ પૂ. હાર્દિકદાસજીએ 'ડુ ઈટ યૉરસૅલ્ફ' પ્રવૃત્તિ અંતર્ગત શિબિરાર્થીઓ પાસે કલાત્મક ક્રાફ્ટ વર્ક કરાવ્યાં, જે દ્વારા તૈયાર થયેલ કમળ અને હંસની અલૌકિક પ્રતિકૃતિ સંતભગવંત સાહેબજીને પૂર્ણાહુતિના દિવસે અર્પણ કરવામાં આવી. બાળકો-યુવાઓ માટે સત્સંગશિક્ષણ કસોટીનું આયોજન કરાયું, જેમાં સૌએ ભાગ લીધો અને સૌથી વધુ ગુણ મેળવનારને પ્રોત્સાહિત ઈનામો પણ અપાયાં. શિબિરમાં યુવાનો અને યુવતીઓ બંને વિભાગમાં યૂથ લીડર્સ પાસે નિત્ય પ્રાત: પૂજા શીખ તથા યોગાચાર્ય પાસે યોગાસન-પ્રાણાયામનાં માર્ગદર્શન મેળવી તે નિયમિત કરવાનાં સૌએ પ્રણ લીધાં. બંને વિભાગોમાં સંત-સમાગમ માટેનો સુંદર કાર્યક્રમ યોજાયો. યુવાનોના વિભાગમાં સંતો પૂ.



શિબિરાર્થીઓ પર સંતભગવંત સાહેબજીની આશિષવર્ષા



સાધુ પૂ. યજ્ઞેશદાસજી



સાધુ પૂ. પીટરદાસજી



સાધુ પૂ. ઉત્પલદાસજી



સાધુ પૂ. પંકજદાસજી



સાધુ પૂ. સરજુદાસજી



શ્રી સુધીરભાઈ નાણાંવટી

પિનાકીનદાસજી, પૂ. રવિદાસજી, પૂ. સરજુદાસજી, પૂ. હરમિતદાસજી, પૂ. શિલ્પદાસજી, પૂ. હાર્દિકદાસજી સાથે તેમજ યુવતીઓના વિભાગમાં વડીલ સંતો પૂ. દિલીપદાસજી, પૂ. રાજુદાસજી, પૂ. રમેશદાસજી દયાળુ, પૂ. મૂકેશદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. ઉત્પલદાસજી, પૂ. પંકજદાસજી, પૂ. અશોકદાસજી આદિએ લાભ આપી સેવા-ભક્તિનાં સુંદર માર્ગદર્શન આપ્યાં. યુવકોના વિભાગમાં ટેલેન્ટ શૉનું આયોજન કરવામાં આવ્યું, જેમાં શિબિરાર્થીઓએ પોતાનાં હુન્નર અને કલાનાં દર્શન કરાવ્યાં. સર્વોત્તમ પ્રતિભાને પ્રસ્તુત કરનાર યુવાનોને ઇનામ અર્પી પ્રોત્સાહિત કરાયા. બહેનોના વિભાગમાં સંતોનાં સાંનિધ્યે એક સવારે યુવતીઓ દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિ મહાયાગ કરવામાં આવ્યો, સૌ શિબિરાર્થી દીકરીઓએ તેમાં બિરાજી, યજ્ઞ-આહુતિ અર્પણ કરી. એક સભામાં નૅચરોપેથીનાં તજજ્ઞ ડૉ. યોગીતાબહેને નૈસર્ગિક ઉપચાર અંગે સુંદર માર્ગદર્શન આપ્યાં.


યુવાનોના વિભાગમાં સાંજે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની સ્મૃતિમાં 'શાંતિ સ્પૉર્ટ્સ લીગ'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં ક્રિકેટ, બૅડમિન્ટન, ફૂટ ક્રિકેટ વગેરે રમતોની ટુર્નામૅન્ટ રાખવામાં આવી, જેનાં ઉદ્‌ઘાટન સાધુ પૂ. કપિલદાસજી, પૂ. નરેન્દ્રદાસજી અને પૂ. ઘનશ્યામદાસજીએ કર્યાં. આ ટુર્નામૅન્ટમાં વિજેતા થનાર ટીમ અને રમતવીરોને વિશેષ ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા.

યુવાનો અને યુવતીઓના વિભાગમાં એક સાંજે 'બ્રહ્મભોજ' કાર્યક્રમનું આયોજન કરાયું, જેનાં ઉદ્‌ઘાટન સાધુ પૂ. હરેશદાસજી અને પૂ. જગદીશદાસજી દ્વારા થયાં. આ કાર્યક્રમમાં સાંજનું ભોજન બનાવવાની, પીરસવાની આદિ સઘળી વ્યવસ્થા શિબિરાર્થી ભાઈઓ-બહેનો દ્વારા કરવામાં આવી, તેનો અપાર આનંદ સૌ સંતો, શિબિરાર્થીઓએ માણ્યો. બંને વિભાગોમાં રાત્રિકાર્યક્રમો પણ સુંદર રીતે યોજાયા. યુવકોએ બોધ આપતી રમતો દ્વારા બ્રહ્માનંદ કર્યો. કવીઝનાં આયોજન દ્વારા સૌએ સત્સંગ અને જનરલ નૉલેજનાં જ્ઞાન પાકાં કર્યાં. યુવતીઓના વિભાગમાં ભજન પર ગરબાનો આનંદ, બ્રહ્માનંદ કરાવતી રમતો આદિ માણી સૌએ સ્મૃતિઓ શાશ્વત કરી.



સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શન

શિબિર દરમિયાન એક સત્રમાં સંતભગવંત સાહેબજી સાથે પ્રશ્નોત્તરી કરી સૌએ મનના પ્રશ્નોનાં સમાધાન મેળવ્યાં. આ સત્ર સૌ શિબિરાર્થીઓ માટે અત્યંત ચિરસ્મરણીય બની રહ્યું. ગુરુદેવ યોગીજી મહારાજની તારીખ પ્રમાણેના પ્રાગટ્યદિનની સ્મૃતિમાં ૨૩ મેના રોજ પ્રભાતફેરી યોજાઈ. કીર્તનગાન અને જયનાદ સાથે પ્રજ્ઞાનતીર્થથી આ પ્રભાતફેરી આરંભ પામી, જેમાં શિબિરાર્થીઓ સાથે સંતો, સ્થાનિક વડીલ ભક્તો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા. ખૂબ શિસ્તપૂર્ણ રીતે અને ભક્તિભાવે સમગ્ર પ્રભાતફેરી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર મંદિરજી અને પ.પૂ. સોનાબા તથા પ.પૂ. કાકાજીના સમાધિસ્થાનની પ્રદક્ષિણા અર્પણ કરી સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના સમાધિસ્થાને સંપન્ન થઈ. સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે સૌ સદ્‌ગુરુ સંતો અને શિબિરાર્થીઓએ મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી. ત્યારબાદ મંદિરજીનાં પગથિયાં પર સૌએ સંતભગવંત સાહેબજી સાથે ગ્રુપ ફોટો પડાવી અનેરી સ્મૃતિ પ્રાપ્ત કરી. ૨૩ મે ૨૦૨૪ની રાત્રે 'શ્રી યોગી યુવા સૂરવૃંદ' દ્વારા અનુપમ કીર્તન આરાધના પ્રસ્તુત કરાઈ, જેમાં ગુરુદેવ યોગીજી મહારાજની સ્મૃતિ સાથે મંદિર અને સંતના યોગનું માહાત્મ્ય વધારતાં,



સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાનાં માર્ગદર્શન અને આશીર્વાદ



સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાનાં માર્ગદર્શન

ઉપાસના-આજ્ઞા-સંત સાથેની પ્રીતિ-નિષ્ઠા અને આશરો, મંત્રજાપ, સેવા અને મહિમાનાં કીર્તનોનાં ગાન દ્વારા સૌને દિવ્યતામાં લીન કરી દીધાં. આ પ્રસંગે પધારેલ મુખ્ય અતિથિશ્રી કેતનભાઈ દહીસરિયા (ચૅરિટી કમિશનર, આણંદ રિજિયન)એ પણ પ્રતિભાવમાં શિબિરાર્થીઓની ભક્તિની સરાહના કરી. સંતભગવંત સાહેબજીએ સૂરવૃંદના યુવાસભ્યોને બિરદાવી સુંદર આશીર્વાદ વરસાવ્યા.

૨૫ મેના રોજ રાત્રે વિવિધ ૧૧ મંડળોના શિબિરાર્થીઓ દ્વારા ભવ્ય ને અધ્યાત્મભાવસભર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત થયો, જેમાં ૨૦૦થી વધારે શિબિરાર્થીઓએ ભાગ લઈને સંતભગવંત સાહેબજી અને તેઓના અષ્ટ સદ્‌ગુરુ સંતોનાં માહાત્મ્યને વણી લેતી નૃત્યનાટિકા-'સંતભગવંત સાહેબજી અમૃત માહાત્મ્યધારા' પ્રસ્તુત કરી, તે દ્વારા મંદિર અને સંતના યોગની અનિવાર્યતા, સંતભગવંત સાહેબજીના દિવ્ય જીવન અને ભવ્ય કાર્યની અલૌકિકતા અદ્‌ભુત રીતે વ્યક્ત કરવામાં આવી. ચોટદાર સંવાદ, ભાવનાસભર રજૂઆત, ભક્તિભર્યાં નૃત્યો નિહાળી સૌ મંત્રમુગ્ધ થઈ ગયાં.

બાળકોને પણ દૈનિક વિશેષ પ્રવૃત્તિઓ દ્વારા સેવા, ભક્તિ, મહિમા અને નિષ્ઠાના પાઠ પાકા કરાવાયા. સત્સંગલક્ષી શ્લોકો, વાતો અને કીર્તનોના મુખપાઠ દ્વારા સૌમાં નૈતિક મૂલ્યોનાં સિંચન કરવામાં આવ્યાં. પ્રેરણાદાયી વિડિયોદર્શન દ્વારા સત્સંગ સમજણ, આધ્યાત્મિક તથા વ્યાવહારિક વિવેક અને નૈતિક ફરજો અંગે સુંદર માર્ગદર્શન અપાયાં. બાળકોને વિવિધ પ્રવૃત્તિઓમાં જોડી તેઓમાં રહેલી આવડતો અને કૌશલ્યોને ખીલવવામાં આવ્યાં. નિત્ય પ્રાતઃપૂજા, નિત્ય આરતી-થાળ કરવાની અને અઠવાડિક સત્સંગસભામાં કરવાની પ્રવૃત્તિઓ અંગે પણ તેઓને શીખ આપવામાં આવી.



સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં માર્ગદર્શન અને આશીર્વાદ

શિબિર પૂર્ણાહુતિના દિવસે સફળતાપૂર્વકનાં આયોજન તથા શિબિરને સર્વાંગી સાકાર કરવા માટે સહાયભૂત થનાર, સેવા-અદા કરનાર, સહકાર દેનાર સૌને બિરદાવવામાં આવ્યાં. સમાપન સમારોહમાં અનુપમ મિશનના વડીલો, યુવાનેતાઓએ પધારી સૌને પ્રેરણા આપી. બાળશિબિરાર્થીઓ પૈકી મોગરીનાં આશ્વિબહેન, ધારીનાં ધારાબહેન, અમદાવાદનાં હેલીબહેન દ્વારા તેમજ બાળકો-યુવાનો પૈકી અમદાવાદના ધૈર્ય પટેલ, વડોદરાના હેમ પટેલ તથા મોરબીના ઋષિત અંબાણીએ હૃદયસ્પર્શી અનુભવદર્શન કરાવી ધન્યતા વ્યક્ત કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા તથા સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને ધન્ય કર્યાં અને અલૌકિક સ્મૃતિઓ આપી.

સમગ્ર શિબિરનાં સફળ આયોજન ને સંચાલન સાધુ પૂ. યજ્ઞેશદાસજી, પૂ. પરેશદાસજી, પૂ. કેયૂરદાસજી, પૂ. શ્રેયસદાસજીનાં માર્ગદર્શન હેઠળ યુવાન સંતો પૂ. સરજુદાસજી, પૂ. હાર્દિકદાસજી, પૂ. હરમિતદાસજી, પૂ. તુષારદાસજી, પૂ. સૌમ્યદાસજી, પૂ. શિલ્પદાસજી, પૂ. રવિદાસજી આદિ સંતોએ સંભાળ્યાં, તેઓ સૌને બિરદાવી સંતભગવંત સાહેબજીએ અનહદ પ્રસન્નતા વરસાવી. સર્વાંગી વિકાસ ને આધ્યાત્મિક ઉત્થાનના પાઠ પાકા કરાવતી શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર સર્વ રીતે અત્યંત સુખદાયી અને ફળદાયી બની રહી. ◆



સાધુ પૂ. પરેશદાસજી



સાધુ પૂ. દિલીપદાસજી



સાધુ પૂ. સતીશદાસજી



સાધુ પૂ. રાજુદાસજી



સાધુ પૂ. બિમલદાસજી



ડૉ. ભરતભાઈ દવે





'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર'માં પ્રસ્તુત કરાયેલ કીર્તન આરાધના તથા સાંસ્કૃતિક કાર્યક્રમના યુવા કલાકારોને સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ



સંતો દ્વારા 'શાંતિ સ્પૉર્ટ્સ લીગ'નાં ઉદ્‌ઘાટન



યુવાન સંતો સાથે બાળ-શિબિરાર્થીઓની ગોષ્ઠિ



યુવતીઓ દ્વારા ઉપાસના ભક્તિ મહાયાગ





નિત્ય પ્રાતઃપૂજાનાં માર્ગદર્શન પ્રાપ્ત કરતાં શિબિરાર્થીઓ



બાળ-શિબિરાર્થીઓને સાહેબજીનાં આશીર્દાન




શિબિર સંચાલક સંતોને સાહેબજીના આશીર્વાદ





અનુપમ મિશન, સુરત મંદિરે શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજનમાં સહભાગી યજમાન સંતો–ભક્તો




સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારોને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ




પાટોત્સવ મુખ્ય સભાનાં મંચદર્શન



વડીલ સંતો દ્વારા શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન



શ્રી ઠાકોરજીને ભાવથી અન્નકૂટ અર્ઘ્ય અર્પણ

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-06-2024 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**